# સહજ-સત્સંગ

અંક : ૨૪૭ | વર્ષ : ૨૧ | કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા | જુલાઈ : ૨૦૦૯



**જીવનલય**

**નર્તન લય સાક્ષાત બને, જીવન છંદ સમાન,**
**સુસંવાદી જીવન વહે, તો નર્તન પણ આરામ.**



**શ્રી માતાજી**

મીરાંબા ધરતી તળે, આવ્યા એ છે વાત,
ઉત્ક્રાંતિએ હરણફાળ ભરી, બને પુરાવો સાક્ષાત્.

# પ્રાર્થના અને ધ્યાન

(૧૫-૫-૧૯૧૪)



હે પરમ અદ્વૈતતા, તારું હૃદય તે એક રમતમાં લીન બનેલા અને વિશ્વ સર્જન કરી રહેલા બાળકરૂપે જ છે. તે મને કહ્યું, ''એક દિવસ તું મારું મસ્તક બની રહીશ, પરંતુ હમણાં તો તારી નજરને પૃથ્વી તરફ વાળ''.

ગઈકાલે મેં... બે વાકયો લખેલાં... પહેલું, પ્રાર્થનાને જો કાગળ ઉપર લખી લેવામાં આવે તો જ માત્ર સંપૂર્ણ બને તેમ છે. બીજું.... હું અનુભૂતિને લેખનમાં મૂકીને મારા મનને તેમાંથી મુકત કરી દઉં ત્યારે જ તે અનુભૂતિની સ્થિરતા બની શકે તેમ છે.

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

# સહજ-સત્સંગ

અંક : ૨૪૭ વર્ષ : ૨૧

જુલાઈ - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - **૧**
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

ટ્રસ્ટી મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર
લલિતભાઈ ઉપાધ્યાય
કમલેશભાઈ માંડવિયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : **૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005

Reg.No. - GRJ-303 / Dec. - 2011
The Registrar of Newspapers for India
Reg.No. - 07598/22 A.K.GTC

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન)
80 G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.



લવાજમ
## વાર્ષિક માતૃચરણે અર્પણ
ભારતમાં વાર્ષિક રૂા. ૧૦૦/-
પરદેશમાં વાર્ષિક રૂા. ૮૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ
ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જુનો
ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક
તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના
લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ
ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)**

# પ્રાર્થના અને ધ્યાન

(૧૭-૫-૧૪)

કોઈપણ કાર્ય કોઈક હેતુ પાર પાડવા કરવામાં આવે છે તો પ્રભુએ જગત નિર્માણ કર્યું ત્યારે તેનો હેતુ શું હતો? જો તેવા હેતુથી તેમની કોઇ ઇચ્છા પૂરી થઇ હોય તો તેમને પૂર્ણ કેવી રીતે કહેવાય? ઉણપમાંથીજ ઇચ્છા જાગે છે, તેથી પ્રભુ પણ અધુરા જ કહેવાય.

આ કુતર્કને રોકવા જ ભગવાન વ્યાસે કહ્યું કે જેમ બાળક લીલા કરી પોતાનો આનંદ વ્યકત કરે છે, તેમ પ્રભુ પણ આનંદ વ્યકત કરવાજ આ જગતને રચે છે.

માતાજીને જાણે આનીજ પ્રત્યક્ષ અનુભૂતિ આવે છે રમતમાં મશગૂલ બાળકને આનંદ સિવાય અન્ય કોઇ ઇચ્છાપૂર્તિનો હેતુ હોતો નથી. માતાજી પોતે પણ પ્રભુનું કાર્ય કરવામાં આનંદ આવે છે માટે જ પ્રભુનું કાર્ય કરી રહ્યાં છે. પ્રભુ પ્રત્યેના સમર્પણભાવની અભિવ્યકિત સિવાય તેમાં કોઇ અન્ય હેતુ નથી.

પ્રભુનો અવાજ માતાજીને અનુભૂતિમાં સંભળાય છે કે પ્રભુને પોતાને પ્રગટ કરવામાં જે આનંદ આવે છે તે અભિવ્યકિતને પૂર્ણ કરવાનું કાર્ય કરવામાં જ માતાજી હાલમાં ધ્યાન આપે. ઉત્ક્રાંતિને આગળ ધપાવવાનું કાર્ય કરવાનું છે.

માતાજીને હાલમાં તે ઉત્ક્રાંતિને આગળ કેમ ધપાવવી તેનું જ્ઞાન નથી. તેમણે ફકત પ્રભુની પ્રેરણાનુસાર કાર્ય કર્યે જવાનું છે. પણ એક દિવસ આવશે જયારે માતાજીને ઉત્ક્રાંતિની પ્રક્રિયાનું સંપૂર્ણ વિગતવાર જ્ઞાન આપવામાં આવશે. માતાજી ત્યારે જાણે પ્રભુના જ્ઞાનમાં સહભાગી થશે અને તેમનાં મસ્તકરૂપ બની જવામાં છે હાલમાં તો માતાજીએ પ્રભુએ સોંપેલા ઉત્ક્રાંતિના પૃથ્વી ઉપર ચાલી રહેલ કાર્યમાં જ મન પરોવવાનું છે.

માતાજીને આ જે ગહન અનુભૂતિ આવી તે તેમણે પોતાની ડાયરીમાં લખી લેવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમને તે લખાણને કારણે બે વસ્તુ સધાતી

દેખાઇ. તે તેમણે તરત ડાયરીમાં લખી રાખી.

તેમને જણાયું કે અનુભૂતિમાંના બધાજ પાસા અનુભૂતિને લખ્યા વગર મગજમાં સ્મૃતિ તરીકે રાખવાના પ્રયત્નથી ધ્યાનમાં આવતા નથી. અનુભૂતિને લખવામાં આવે છે ત્યારે જ તેના નાનામાં નાના પાસા વિગતો તરીકે ધ્યાનમાં આવવા લાગે છે. આમ અનુભૂતિની પૂરેપુરી સમજ અનુભૂતિને લખવાથી આવી જાય છે. કોઇ પાસુ અસ્પષ્ટ કે ધ્યાન બહાર રહેતું નથી આમ લખાણ અનુભૂતિને પૂર્ણતા બક્ષે આ પ્રથમ ફાયદો છે.

બીજો ફાયદો એ છે કે અનુભૂતિ લખી લેવાથી આપણા મન ઉપરનો બોજો કે કયાંક અનુભૂતિનો કોઇ ભાગ કે પાસુ ભૂલાઇ ન જવાય તેમાંથી મન મુકત બની જાય છે આવું વ્યગ્રતા રહીત મુકત મન રહે તો જ તે અનુભૂતિને પૂર્ણ રીતે પચાવી શકે છે. તે અનુભૂતિના સંસ્કારો આપણા અવચેતનમાં પણ ઉતરે છે અને ત્યાં સ્થાયી થાય છે. આને કારણે અનુભૂતિ વધારે સ્થિર અને કાયમી રહે છે.

કોઇ પણ વસ્તુને સહજ રીતે સ્વીકારીએ તો તે કાયમી સ્વરૂપે યાદીમાં રહે છે.

અનુભૂતિઓને કેવી રીતે સ્વીકારવી તેનું માતાજી આ દ્વારા આપણને સમજણ આપી રહયાં છે.

## સંવાદનું મહત્વ

જ્યાં જ્યાં સંવાદીસૂર છે ત્યાં પ્રભુની દિવ્યતાનું અવતરણ શક્ય બનતું હોય છે. આપણી વાતોમાં ચર્ચાઓમાં જ્યાં ત્યાં વાદી સૂર મુખ્ય હોય છે. એટલે કોઈ સાચો વિચાર અવતરે એની શક્યતા બહુ ઓછી હોય છે.

આપણી વાતોમાં અહંકાર હોય, આપણા જ્ઞાનમાં અહંકાર હોય, આપણા સત્સંગમાં અહંકાર હોય, આપણા મેળાપોમાં અહંકાર હોય ત્યાં સુધી કશું નાવિન્ય અવતરે જ નહિ. એમાં કોઈ પ્રાસાદિક્ તત્વ પ્રવેશી શકે નહિ. આનંદ તો ક્યાંથી જ હોય?

**-ભૂપેન્દ્ર ત્રિવેદી**

# સમતા

- જ્યોતિબેન થાનકી

સમતા એટલે બધી જ પરિસ્થિતિઓમાં અવિચલ રહેવું. પછીએ પરિસ્થિતિ મનગમતી હોય કે અણગમતી હોય. સંજોગો સાનુકૂળ હોય કે પ્રતિકૂળ. બીજાઓનું વર્તન સહયોગી હોય કે વિરોધી હોય, પણ દરેકમાં અંતરની સ્થિતિ એક સરખી જ રહે એ સમતાની સ્થિતિ છે. પરંતુ સામાન્ય જીવનમાં આપણે આવી સ્થિતિમાં રહી શકતા નથી. આપણાં જીવનમાં આઘાત પ્રત્યાઘાતો થયા જ કરતા હોય છે. સાનુકૂળ સંજોગોમાં સમતા જાળવવી સહેલી છે. પણ પ્રતિકૂળ સંજોગોમાં સમતા જાળવવી મુશ્કેલ છે. કોઈ પ્રશંસા કરે તો તેના પ્રત્યે ઉદાસીન રહી શકાય, સમતા જાળવી શકાય. પણ કોઈ નિંદા કરે ત્યારે ઉદાસીન રહી શકાતું નથી. સમતા જાળવી શકાતી નથી. જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં સ્વસ્થ રહી શકાય. તો સમતા પ્રાપ્ત કરી કહી શકાય.

**સમતા એટલે જડતા નહીં :**

સમતાનો અર્થ એ નથી કે જે કંઈ બને છે, તે બધું સ્વીકારી લેવું. એમ તો પથ્થરો અને ખડકો પણ સમતાની સ્થિતિમાં હોય છે. એમના ઉપર કોઈ જ અસર પડતી નથી. પણ આ સમતા એ જડતાની સમતા છે. અચેતનાની સમતા છે. શ્રી અરવિંદ સમતાના અર્થને સ્પષ્ટ કરતાં કહે છે, ''સમતા એટલે જે કંઈ બને છે, તેને જડ રીતે સ્વીકારી લેવું એવું નહીં, ઉદાહરણ તરીકે જો કોઈ પ્રયત્નમાં તાત્કાલિક નિષ્ફળતા મળે તો સાધકે સમતા રાખી વિચલિત કે નિરુત્સાહી ન બનવું વળી ભગવાનની એવી મરજી છે કે ભગવાનનું એવું સૂચન છે એમ પણ સ્વીકારી ન લેવું અને પ્રયત્ન છોડી દેવો એવું પણ નહીં કરવાનું. પરંતુ ક્ષુભિત થયા વગર નિષ્ફળતા કેમ આવી તેનાં કારણો શોધવાં અને શ્રદ્ધાપૂર્વક વિજય પ્રત્યે આગેકૂચ કરવી. આ જ પ્રમાણે જો માંદગી આવે તો આ માંદગી ભગવાનની ઈચ્છા છે માટે આવી છે, એમ માની ન લેવું. જેમ મનની ભૂલો અને પ્રાણની અપૂર્ણતાઓનો ત્યાગ કરવા પ્રયત્ન કરીએ. તેમ માંદગીને શરીરની અપૂર્ણતા સમજીને તેમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો.'' આ રીતે સાચી સમતામાં જે કાંઈ આવે તે ભગવાનની ઈચ્છા છે એમ માનીને સ્વીકાર કરીને

આંખો બંધ કરીને બેસી રહેવાનું નથી. પણ તેમાં ઈન્કાર કરવાનો છે, પ્રયત્ન પણ કરવાનો છે, અને આગળ પણ વધવાનું છે. પણ બાહ્ય સંજોગોથી વિચલિત થયા વગર બધું કરવાનું છે. શ્રી અરવિંદ સાચી સમતાની સ્થિતિ વિષે માર્ગદર્શન આપતાં જણાવે છે કે ''કોઈપણ પરિસ્થિતિથી ક્ષુબ્ધ ન થવું. અંદરની શાંતિને વિચલિત થવા ન દેવી. અંદરથી કોઈ પ્રત્યાઘાતો ઊઠવા ન દેવા, એ જ સાચી સમતાની સ્થિતિ છે. આવી સમતા સિવાય સાધનામાં કોઈ સ્થિર પાયો ઊભો કરી શકાય નહીં.''

સમતાના અવરોધક પરિબળો :

૧ મન અને પ્રાણની સ્થિતિ :

જ્યાં સુધી સપાટી પરના મનમાં આપણે રહેતાં હોઈએ ત્યાં સુધી સાચી સમતા પ્રાપ્ત થઈ શકતી નથી. મન અજ્ઞાન ને વશ છે. તેમાં આવતા અનેક પ્રકારના વિચારો, શંકાઓ તથા પ્રાણમાં ઊઠતા આવેગોને લઈને સાચી સમતા આવી શકતી નથી. એ તો જ્યારે આપણે આપણા સાચા સ્વરૂપમાં - ચૈત્ય ચેતનામાં રહીએ ત્યારે જ સાચી સમતા પ્રાપ્ત થાય છે.

**૨ લોકોના - વાતાવરણમાંથી આવતાં સૂચનો :**

આપણાં કાર્યો અંગે અનેક પ્રકારના પ્રતિભાવો મળતા હોય છે. આપણી અપેક્ષા કરતા જુદા આવતા પ્રતિભાવો આપણને ખળભળાવી જાય છે. લોકોના વિચારો, માન્યતાઓ, અભિપ્રાયોની આપણા ઊપર પ્રબળ અસર પડતી હોય છે અને તેના પરિણામે આપણી અંદર આઘાત - પ્રત્યાઘાતો ઊઠતા જ રહે છે. આ સંદર્ભમાં શ્રી અરવિંદ કહે છે કે, ''લોકો શું કહેશે, કેવાં સૂચનો આપશે. તે સાંભળવાનો કોઈ અર્થ નથી. પરંતુ શીખવાનું એ છે કે આપણને તેની કંઈ પણ અસર ન થાય.''

**સમતા છે, સાધનાનો પાયો :**

સમતા એ સર્વપ્રકારની આધ્યાત્મિક સાધનાનો પાયો છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે તેમ સમત્ત્વં, યોગમુચ્યતે - સમતા એ યોગ છે. શ્રી માતાજી સમતાને અતિમનસ ચેતનાનું લક્ષણ ગણાવે છે. આ ચેતનામાં મનુષ્ય સંપૂર્ણ સમતાભરી સ્થિતિમાં હોય છે. એટલે કે બહારથી આવતો કોઈપણ આંદોલનો એ ચેતનાને સ્પર્શી શકતાં નથી. આથી વિરોધી શક્તિઓ સમતાને

વિચલિત કરી શકતી નથી. શ્રી અરવિંદ કહે છે કે જો તમે સમતા જાળવી શકશો તો તમે હરેક પ્રકારના હુમલાનો સામનો કરી શકશો,'' મનુષ્ય સમતાભરી સ્થિતિમાં હોય તો બહારનો હુમલો ન થાય એવું નથી. પણ એ હુમલાની આંતરચેતનામાં કોઈ અસર પડતી ન હોવાથી ધીમે ધીમે એ હુમલાઓ ઓછા થતા જાય છે અને પછી અદૃશ્ય થઈ જાય છે.

## સમતાની સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?

સમતા કંઈ એકાએક પ્રાપ્ત થતી નથી. એ માટે જાગૃત પણે પ્રયત્ન કરવો પડે છે. શ્રી અરવિંદ કહે છે કે ''સમતા માટે ઘણો સમયગાળો લાગે છે. એનો આધાર ત્રણ બાબતો પર રહેલો છે. પ્રથમ છે, પ્રભુને આંતરિક સમર્પણ, બીજું ઊર્ધ્વમાંથી સ્થિરતા અને શાંતિનું અવતરણ અને ત્રીજું સમતા વિરૂદ્ધની જે જે લાગણીઓ ઊઠે. તે સઘળીનો સ્થિરતાથી ધીરજથી સતત ઈન્કાર'' ઊર્ધ્વમાંથી શાંતિ અને સ્થિરતા જ્યારે સાધકમાં ઊતરી આવે છે, ત્યારે સમતા સ્થપાય છે. તે ઉપરાંત સમતામાં સમાનદૃષ્ટિ હોવી જરૂરી છે. મિત્રો અને દુશ્મનો પ્રત્યે સમાનભાવ, પ્રત્યેક પરિસ્થિતિ પછી તે ગમતી હોય કે ન ગમતી હોય. તેમાં પણ સમાનભાવ, કેળવવામાં આવે તો પછી સમતા સ્થપાય છે. સંપૂર્ણ સમતાનો પાયો રચાયા પછી જ રૂપાંતરની પ્રક્રિયા શરૂ થાય છે.

### કેન્દ્રનો સ્થાપના દિન

તા.૬ અને ૭ જુલાઈના રોજ આપણાં કેન્દ્રનો સ્થાપના દિન ઉજવાયી રહ્યો છે. તે માટે નીચેનો કાર્યક્રમ આયોજીત કરેલ છે.

**તા. ૬ અને ૭**

સવારે ૧૦ વાગે - **ધ્યાન**

સાંજે ૭ વાગે - **ધ્યાન અને વ્યાખ્યાન**

કેન્દ્રના તથા બહારના સાધક ભાઈ-બહેનોને સહભાગી થવા ભાવભર્યું આમંત્રણ છે.

**ટ્રસ્ટી મંડળ**

# સહજ સત્સંગ

(૧૯-૫-૨૯)

માતાજી, વિચારોમાં ક્યા પ્રકારની શક્તિ છે ? શું મારા જગતનો હું કર્તા અને માલિક છું ?

બેટા, દરેકનું પોતાનું અલગ, આગવું જગત, વિશ્વ હોય છે. ગૌતમબુદ્ધે કહ્યા મુજબ માનવ પોતાના અંગત જગતમાં જ વિચરતો હોય છે. પોતાના મનમાં હોય તેવું જ સમજે છે.

વિચારોને પણ પોતાનું પ્રાણમય રૂપ હોય છે. ઘડતર નિર્માણ કરનાર વિચાર કરતાં સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. તેથી મનમાંથી વિચાર પ્રગટ થતાં જ તેનું ઘડતર જગતના પ્રવાસે ઉપડી જાય છે. જો તે તીવ્ર એકાગ્રતા અને દૃઢ-સંકલ્પમાંથી નિર્માણ થએલ હોય તો ભૌતિક સ્તરે વાસ્તવિક બનવા તે પ્રયત્ન કરે છે. રોજીંદો દાખલો લો. તમે જેને મળવા આતુર હો તે અનાયાસ તમને મળવા આવે છે. તેની પાછળ આ જ પ્રક્રિયા કાર્ય કરી જાય છે.

જેમના વિચાર સુસંવાદી હોય છે તેમને વિરોધી વાતાવરણમાં રહેવું પણ આસાન લાગે છે. જેમના વિચારો અવ્યવસ્થિત અને પરસ્પર વિરોધી હોય છે. તેમનું જીવન વધારે યાતનામય બની જાય છે. સંઘર્ષમય બને છે. પ્રભુની સંકલ્પશક્તિનો અંશ દરેકમાં હોય જ છે. તે સત્ય જ બને છે. તેથી તેને સુસંગત વિચારો કરવા એ યશસ્વી થવાની ચાવી છે. તેથી પ્રભુ પોતે તમારા સંકલ્પોમાં શક્તિ રેડે છે. સાચા જ્ઞાનનાં પુસ્તકો આ કામ ખૂબજ સારીરીતે પાર પાડે છે. તેથી લોકોને તે પુસ્તકોમાં રસ પડે છે. કારણ તે તેમને પોતાની જ અનુભવસિદ્ધ ખાતરી આપે છે. ફક્ત તેઓ તેને યોગ્ય શબ્દોમાં વ્યક્ત કરી શકતા નહોતાં, એ જ તેમની નબળાઈ હતી.

ઘણી આપસમાંની ગેર સમજોનું કારણ એ છે કે કહેનારે જુદા અર્થમાં કહ્યું હોય છે અને સાંભળનાર પોતાની સમજણ મુજબનો જુદો જ અર્થ લે છે. તેમાંથી જ અર્થનો અનર્થ થઈ જાય છે. આવી ગેરસમજો ટાળવા મૌનમાં જ સંભાળતા શિખવું પડે છે. જ્યારે આપણી માન્યતાઓ પસંદગીઓ, દુરાગ્રહો શાંત થઈ ગએલા હોય છે, તેવા મૌનમાં જ સામે વાળાનો અર્થ તમને સ્પષ્ટ અનુભવાય છે, સમજાય છે.

માતાજી, યોગસાધનાનું દ્વાર ખોલતા જ સામે અંતરાયોનું ટોળું તમારું સ્વાગત કરે છે. શું આ ઉક્તિમાં કાંઈ સત્ય છે?

ના તેવો શાશ્વત નિયમ નથી. પણ સાધનામાં પોતાની નબળાઈઓ ઓળખવી એ પ્રાથમિક ગરજ હોવાથી તે પ્રક્રિયાની શરૂઆત જ આવી છાપ પાડે છે. નબળાઈનો વિરોધ અગવડતાની છાપ ઊભી કરે છે. તેથી પોતે અગવડતાથી ઘેરાઈ ગયા છે એવું લાગે છે માનસિક કે નૈતિક નિયમો એ અજ્ઞાનની જ નિશાની છે. દા.ત. આધ્યાત્મિક જીવન એટલે સાદાઈ, સન્યાસ, સુખસુવિધાનો ત્યાગ, મૌન, બાહ્ય પૂજન, મંદિરે દર્શન વગેરે બધા માનસિક ખ્યાલો છે સાચી આધ્યાત્મિકતા જુદી જ વસ્તુ છે. તેથી આવા ખોટા ખ્યાલોનો ત્યાગ કરવો જરૂરી બને છે.

પ્રભુ આવા સિદ્ધાંતોની માનસિક આસક્તિમાંથી મુક્તિની અપેક્ષા રાખે છે, જેથી તમારા માનસિક વિસંવાદમાંથી તમને મુક્તિ મળે.

પ્રભુની દરેક આજ્ઞાને પૂરેપૂરા આધિન થઈને જીવવું એ જ સાચી ભૂમિકા છે. યોગીએ બધી પરિસ્થિતિને અનુરૂપ થવું જરૂરી છે. નિરાગ્રહી બનવું જરૂરી છે. જે પરિસ્થિતિ અને સુખસુવિધા પ્રભુ આપે તેને સમતાથી ભોગવતા શિખવું જરૂરી છે.

માતાજી, શારીરિક વ્યાધિ શું છે? તે બહારની વિરોધી શક્તિઓનું કાર્ય છે?

તે બન્ને છે. આંતરિક વિસંવાદે આમંત્રણ આપેલી તે બાહ્ય વિરોધી શક્તિ છે. તેમનો હુમલો જ માંદગી લાવે છે.

માતાજી, શું બેકટેરિયા વ્યાધિના કારણો નથી?

બેટા, વ્યાધિની શક્યતા સ્વરૂપ બેકટેરિયાનાં અસંખ્ય ટોળા તમારી અંદર અને આસપાસ હોય જ છે. પણ તમે કાયમી માંદા રહેતા નથી. તેવું શું છે જે બેકટેરિયાને રોગ-નિર્માણ કરવા સમર્થ કરી મુકે છે. તે છે પ્રાણશક્તિની અછત, ઓટ. પણ તે ઓટ શાને કારણે આવે છે? તેનો જવાબ છે આંતરિક-વિસંવાદ જ. પ્રાણશક્તિને વેડફી નાખી અછત સર્જે છે. શંકાકુશંકા, અશ્રદ્ધા, અવઢવ, નિરાશા, અવિશ્વાસ, ગેરસમજ, સ્વાર્થીવૃત્તિ અને અહંકાર આ બધા વિસંવાદનાં જ જુદા જુદા નામો છે અથવા સંજોગો છે. તેને કારણે રોગને અનુકૂળ વાતાવરણ સર્જાય છે અને બેકટેરિયા તેનો ફાયદો લે છે એટલું જ.
માતાજી, આરોગ્ય સ્વચ્છતાથી ટકે છે તો બીજી બાજુ રોગપ્રતિકાર-શક્તિ પણ

(અનુ.પાના નં.૨૪ ઉપર)

# વસમી વિદાય



**સ્વ. ભારતીબેન ભૂપેન્દ્રભાઇ ત્રિવેદી**

સાધકને મૃત્યુથી જીવનમાં કોઇ તફાવત પડતો નથી. તેને તો તે પોતાના અનંત જીવનનો એક અંક પૂરો થતો લાગે છે. જુના વસ્ત્રો ઉતારી ફેંકી દેવા જેની નજીવી વાત લાગે છે. પણ માનવ મનને તો મૃત્યુ ગમગીન કરી જ મૂકે છે.

કેન્દ્રના સાધક ભાઇ-બહેનો પાછલા એકાદ માસથી ભારતીબેન નિરામય રહે માટે સામુહિક પ્રાર્થના કરતાં હતાં. તેમને વોકહાર્ટ હોસ્પિટલમાંથી એકાદ માસ બાદ જયારે શુક્રવારે સવારે ૧૦ વાગે ઘેરે લઇ આવ્યા ત્યારે ઘેરે પહોંચતા જ તેમનો ચહેરો ખીલી ઉઠયો હતો અને તેમણે શાંતિ ધારણ કરી લીધી હતી.

સ્વ. ભૂપેન્દ્રભાઇનાં આકસ્મિક દેહવિલય બાદ પતિના પગલે તેમણે પણ અંતે પોતાનો નશ્વર દેહ શનિવારે તા. ૧૩-જૂનના રોજ રાત્રે ૯ વાગે છોડયો. પાછલા એકાદ માસથી બન્ને કિડની ફેલ્યુઅર થવા લાગ્યાં હતાં.

શ્રી માતાજીના શરણે પહોંચેલા આ આત્માને ચિરશાંતિ પ્રાપ્ત થાય એવી પરમકૃપાળુ જગન્માતાના ચરણે કેન્દ્રના સહુ સાધક-ભાઇ બહેનોની અને સહજ સત્સંગના વાંચકોની નમ્ર પ્રાર્થના છે.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ**

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના જુનનાં ૨૦૦૯ના ઈ-મેગેઝીનમાંથી સાભાર)

## વાસ્તવિકતા સ્વીકારીએ

હાલમાંજ ન્યુયોર્ક ટાઈમ્સમાં ભારતમાંની ચૂંટણી ઉપરનો 'પૃથ્વી ઉપરનું મહાન નાટક' નામે અગ્રલેખ આવ્યો. તેમાં ભારતમાંના આંતરિક બાહ્ય વિપરીત સંજોગો છતાં ચુંટણી કરાવવાનાં નિર્ણયની સરાહના કરવામાં આવી છે. તેમાં પણ ધર્મ, વંશ, વિચાર પ્રવાહોની વિવિધતા છતાં અબ્દુલ કલામ જેવા મુસ્લીમ રાષ્ટ્રાધ્યક્ષ અને સોનિયા ગાંધી જેવી સ્ત્રીઓની મહત્વની ભૂમિકાઓનો ઉલ્લેખ કરેલ છે. વિશેષતઃ અન્ય રાષ્ટ્રની વ્યકિત જગતની એક દશાંશ પ્રજાનું અર્થાત સાતસો કરતાં વધુ કરોડની જનસંખ્યાનું નેતૃત્વ કરે એ નોંધ પાત્ર ગણ્યું છે.

ભારતની નવી વસ્તુઓ સ્વીકારી આત્મસાત્ કરવાની ક્ષમતા ગજબની છે. આમ છતાં ચુંટણીમાં કેટલા બધા લોકો વિમુખ રહ્યાં તે પણ એક કટુ સત્ય છે. જેમણે મતદાન કર્યું તેના પાછળનાં વિવિધ કારણો પણ ઉત્સાહ પ્રેરક નથી. સોદાબાજીની ઘટનાઓ પણ બની જ છે ને.

ભારતની ખૂબ જ જુની સંસ્કૃતિ છે, તે અધ્યાત્મ પ્રધાન છે, કૃતનિશ્ચયી પણ  છે પણ સાથે સાથે લોકો આળસુ પણ છે, છીછરાં પણ છે અને ઢોંગી પણ ! બન્ને વાસ્તવિકતાઓ સ્વીકારી પ્રકાશની અભીપ્સા સેવશું તો જ કાંઈક નક્કર કાર્ય થશે. નહિં તો બધું બનશે ફકત શાબ્દિક જ્ઞાન, વાંચીને ભૂલી જવાય એવું.

(બધુંજ પ્રભુના પ્રકાશમાં ધરવું જરૂરી છે કારણ આપણે જેને મહત્વનું ગણતા હોઈએ તે ઘણી વખત તેવું હોતું નથી. = તંત્રી)

# ગીતામૃતમ્

## દિવ્ય કર્મનો સિદ્ધાંત

પ્રકરણ - ૫

(ગીતા નિબંધો ભા-૧ પ્ર.૧૪ ઉપર આધારિત)

ગીતામાં યજ્ઞના ભાવથી કરેલા કર્મો દિવ્યતા ધારણ કરતા જાય છે, એમ જણાવેલ છે. અને જ્યારે યોગીમાં પુરૂષોત્તમનો ભાવ સ્થિર થઈ જાય છે ત્યારે તેના બધા જ કર્મો પોતાની મેળે દિવ્યકર્મો બની જાય છે. એવા કર્મો 'સહજ કર્મ' અથવા 'સ્વભાવનિયતં કર્મ' બની જાય છે.

પુરૂષોત્તમનો ભાવ ક્યારે સ્થિર થએલો ગણાય તેનું એક સૂત્ર ગીતામાં આપેલ છે. આત્મનિ અથો મયિ (૪.૩૫)

આનો અર્થ એ છે કે પોતાના સ્વરૂપને યોગીએ પ્રથમ અક્ષરપુરૂષ તરીકે અનુભવવાનું છે. અક્ષરપુરૂષ નિરાકાર, નિષ્ક્રિય, અસીમ શુદ્ધ અસ્તિત્વ સ્વરૂપ ચેતના છે. પોતાનું સ્વરૂપ તેમાં ઓગાળીને પોતે એકરસ અખંડ આત્મા તરીક પોતાને અનુભવવાનો છે (એક ત્વં અનુપશ્યત:) આ પ્રથમ તબક્કો છે જે 'આત્મનિ' શબ્દથી વ્યક્ત કર્યો છે. પછી બીજો તબક્કો 'મયિ'નો શરૂ થાય છે.

પ્રથમ તબક્કામાં પોતે સર્વ વ્યાપી છે. સચેતન છે, નિરાકાર છે, અસીમ છે, એવી અનુભૂતિ આવે છે સાથે સાથે જે કાંઈ સાકાર છે, સક્રિય છે, તે બધું મિથ્યા, ભ્રમ સ્વરૂપ લાગે છે. તે આભાસ માત્ર છે એવું લાગે છે.

બીજા તબક્કામાં આ જે સાકાર અને સક્રિય હોય છે તેને પણ વાસ્તવિકતા તરીકે સ્વીકારવામાં આવે છે. તેની પણ સત્યતા માન્ય થાય છે. તેને પણ ચેતનાની સક્રિય બાજુ તરીકે સ્વીકારવામાં આવે છે.

પ્રથમ અક્ષરબ્રહ્મની અનુભૂતિમાં નિષ્ક્રિય નિરાકાર અસીમ આત્માને જ સત્ય માનવામાં આવે છે. સાકાર, સક્રિય ક્ષરપુરૂષને નહિ. જ્યારે આ પુરૂષોત્તમની અનુભૂતિમાં અક્ષરબ્રહ્મ અને ક્ષરપુરૂષ બન્નેની અનુભૂતિઓને સત્યતાનો સમાન દરજ્જો આપવામાં આવે છે.

અક્ષરબ્રહ્મની અનુભૂતિમાં ભેદબુદ્ધિ રહી જ જાય છે. સાકાર તત્વો હું નથી એવી તે ભેદ બુદ્ધિ હોય છે. તેથી તે મનનો ભેદબુદ્ધિના પ્રદેશનો જ ભાગ ગણવો રહ્યો. શ્રી અરવિંદ તેને 'અધિમનસ' (overmind) તરીકે ગણાવે છે.

પુરૂષોત્તમની ચેતનામાં આ ભેદબુદ્ધિ પણ જતી રહે છે. તેથી તે અવસ્થા મનનું ક્ષેત્ર વટાવી ચૂકી છે એમ ગણવામાં આવે છે અને તેને મનસાતીત અવસ્થા - અતિમનસ અવસ્થા ગણવામાં આવે છે. પુરૂષોત્તમ - ચેતના એટલે જ અતિમનસ અવસ્થા.

આ અવસ્થામાં સાકાર-નિરાકાર સક્રિય-નિષ્ક્રિય, સગુણ-નિર્ગુણ, આવા બધા જ ભેદોમાં સમન્વય સાધીને તેમને વટાવી જવાય છે. આ સમન્વય આવિર્ભાવની - પ્રક્રિયાનો સ્વીકાર કરીને કરવામાં આવે છે. પુરૂષોત્તમ ચેતનામાં પોતાના અનંત આવિર્ભાવની ક્ષમતા છે. તે ક્ષમતાને કારણે આવિર્ભાવની પ્રક્રિયા પહેલાં જે અક્ષર પુરૂષ તરીકે અનુભવાય છે તે આવિર્ભાવની પ્રક્રિયા શરૂ થયા પછી ક્ષરપુરૂષ તરીકે અનુભવવા માંડે છે. વળી આ આવિર્ભાવની પ્રક્રિયા સમગ્ર ચેતનાના પટમાં ન થતા અમુક ક્ષેત્રમાં તે અક્ષરપુરૂષ તરીકે અનુભવાય છે જ્યારે અમુક ક્ષેત્રમાં ક્ષરપુરૂષ તરીકે અનુભવાય છે. તેમાં પણ આ આવિર્ભાવની પ્રક્રિયા ચેતનાના બાહ્ય સપાટી ઉપર જ થતી અનુભવાતી હોવાથી તેના નીચે તો તે અક્ષર પુરૂષ તરીકે જ અનુભવાય છે. આમ એક જ વખતે ચેતનાની આવી ભિન્ન ભિન્ન કક્ષાની વાસ્તવિકતા અનુભવવી એ જ પુરૂષોત્તમ - ચેતનાની આગવી વિશિષ્ટતા છે.

આવી રીતે પુરૂષોત્તમ એક રીતે જોતા અક્ષર-પુરૂષની પણ ઉપર છે અને તેથી તે કર્મથી પર છે. પણ બીજી દૃષ્ટિએ તેના સંકલ્પાનુસાર જ કર્મ પરિણામો લાવે છે અને પરિણામ સ્વરૂપે જે વસ્તુ સાકાર બને છે. ઘાટ ધારણ કરે છે, તે પુરૂષોત્તમ પોતે જ છે. તેથી અલગ કે તેથી વિહીન કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવી શકતી જ નથી. તે બધાનો અંતર્યામી હોવા છતાં બાહ્ય સપાટી ઉપરની અજ્ઞાનમય પ્રવૃત્તિઓમાં તે જરાપણ લેવાનો નથી. (નિગુર્ણો ગુણી) આવી રીતે પુરૂષોત્તમ ચેતના વિશ્વમય પણ છે અને વિશ્વાતીત પણ છે. તે પોતે સ્વતંત્ર છે પોતે પોતાનો સમ્રાટ અને સ્વરાટ્ છે. તે કર્તા પણ છે અને અકર્તા પણ છે (કર્તારં અકર્તારમ્)

પણ કર્મ અજ્ઞાન જન્ય છે તેથી તેનો ત્યાગ કરવો યોગ્ય નથી. કારણ કર્મ દ્વારા જ જનકાદિએ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી છે (કર્મણ્યેવ હિ સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ ૩/૨૦)

બીજું, લોકોને યોગ્ય આદર્શ જણાવવા પણ મુક્ત લોકોએ કર્મ કરવા જરૂરી છે (લોકસંગ્રહ-મેવાપિ) કારણ શ્રેષ્ઠ માણસોને જ સમાજનો ગાડરીઓ પ્રવાહ અનુસરે છે. પુરૂષોત્તમ ચેતનામાંથી ભગવાન શ્રીકૃષ્ણ જણાવે છે કે તેમને કાંઈ

મેળવવા જેવું રહ્યું નથી છતાં તેઓ કર્મ કરે જ છે. (વર્ત એવ ચ કર્મણિ ૩-૨૧.૨૨)

તો પછી કર્મને અજ્ઞાનના પ્રભાવ સાથે સ્વીકારી કર્મો કરવા? શ્રી કૃષ્ણ કહે છે અજ્ઞાન એ કર્મમાં પાછળથી ઉમેરાએલું તત્વ છે. કર્મના મૂળભૂત સ્વભાવમાંનું મૂળભૂત તત્વ નથી. પુરૂષોત્તમ-ચેતનામાં અથવા અક્ષર-ચેતનામાં રહેવાથી કર્મનાં બંધન નિર્માણ કરવાની ક્ષમતા નાશ પામે છે. આપણા કર્મો પ્રભુ સંકલ્પ વિરોધી હોવાથી બંધનકારક છે. પ્રભુના સંકલ્પાનુસાર થતા કર્મો બંધનકારક નથી.

સમાજમાં જે પ્રવૃત્તિઓને સત્કાર્ય કહેવાય છે. દા.ત. દેશભક્તિ, જન-સેવા, પરોપકાર, દાન, તાત્વિક-ચર્ચાઓ આ બધાં પણ પ્રભુ-સંકલ્પાનુસાર હોય જ છે એમ નથી. કર્મનું બાહ્ય સ્વરૂપ મહત્વનું નથી. આંતર-સ્વરૂપ મહત્વનું છે. આંતરિક રીતે જો કર્મ કરવાથી આત્મજ્ઞાનને તે મદદરૂપ થતાં હોય તો તે પ્રભુના સંકલ્પને અનુસરનારા કર્મ કહેવાશે પણ ઉપરની પ્રવૃત્તિઓથી અહંકાર વધીને આત્મજ્ઞાનની પ્રક્રિયામાં અવરોધો સર્જાતા હશે તો તે લોકોપયોગી કાર્યો હોવા છતાં પ્રભુ સંકલ્પાનુસાર નથી. જે કર્મો દ્વારા આધ્યાત્મિક-ચેતનામાં વિકાસ થાય છે, સર્વમાં પ્રભુ-ચેતનાનો સાક્ષાત્કાર થાય છે, તે જ કર્મ આપણને બંધનમુક્ત કરી શકે છે, કારણ તે જ આત્મજ્ઞાનમાં આવતાં બંધનોનો નાશ કરે છે.

આજે વ્યક્તિવાદ અને સમષ્ટિવાદ સામ સામે આવી ઊભા છે સમાજ માટે વ્યક્તિ છે એમ સમાજવાદ માને છે. વ્યક્તિ માટે સમાજ છે એમ વ્યક્તિવાદ માને છે. પણ ભારતીય પરંપરા આ બન્નેથી જુદી છે તેમાં વ્યક્તિ અને સમષ્ટિ મૂળભૂત સત્ય ન હોઈને આ બન્ને પરમ-ચેતનાના આવિર્ભાવ સ્વરૂપ છે અને તેથી તેઓ તદ્દન અલગ નથી. વ્યક્તિ સમાજનો અંશ છે તેથી તે અલગ રહી શકતો નથી. બન્નેને આધ્યાત્મિક વિકાસમાં જોતરવાથી બન્નેનું ધ્યેય એક જ બની જાય છે અને બન્ને પુરક બની જાય છે. વ્યક્તિનો વિકાસ સમાજના વિકાસમાં મદદરૂપ થાય છે અને સમાજ વિકાસ વ્યક્તિના વિકાસમાં મદદ કરે છે. જે વધારે વિકસીત હશે, તે બીજાને મદદરૂપ થાય છે. તેથી બન્નેએ એકબીજાને પૂરક થવું જરૂરી છે. હાલમાં બન્ને અજ્ઞાનગ્રસ્ત હોવાથી એક બીજાનાં હરીફ લાગે છે.

તેથી આ અધોગામી પ્રકૃતિના પ્રભાવમાંથી મુક્ત થવું જરૂરી છે. તેમ થતાં દિવ્ય-પ્રકૃતિમાં આરોહણ થાય છે અને હાલમાં પાર્શ્વભૂમિમાં રહેલ પુરૂષોત્તમ-ચેતના આગળ આવીને પ્રગટ સ્વરૂપે કાર્ય કરે છે. આ ઘટનાને ગીતા 'મદ્ભાવમાગતાઃ' મારી ચેતનામાં આવી મળો છો એવી રીતે ગીતા વર્ણવે છે.

અર્થાત આ ઘટના પણ એક લાંબી પ્રક્રિયા છે, જે તબક્કાવાર પૂર્ણ થાય છે. આ સમગ્ર પ્રક્રિયાને મુક્તિની પ્રક્રિયા કહેવામાં આવે છે અને તેમના ચાર તબક્કા છે - સાયુજ્ય, સાલોક્ય, સાદૃશ્ય, સાધર્મ્ય.

પ્રથમ તબક્કામાં અલગ હોવા છતાં એક બીજાના સંપર્કમાં આવે છે બીજામાં બન્નેનો પ્રકાશ અર્થાત ચેતનામાં સમાનતા નિર્માણ થવાની શરૂઆત થાય છે. ત્રીજામાં એક બીજાનો સ્વભાવ સમાન બની જાય છે પણ ભેદ રહે છે. ચોથામાં તે ભેદભાવ ઓગળીને કૈવલ્ય, પૂર્ણ એકરૂપતા સ્થપાઈ જાય છે. તેથી તેમનો સ્વભાવ (ધર્મ) પણ એકરૂપ બની જાય છે. આવી દિવ્યતા પ્રાપ્ત કરેલી વ્યક્તિ પોતાની સિદ્ધિના પ્રમાણમાં પુરૂષોત્તમ સ્વરૂપ બની જાય છે. આવી પુરૂષોત્તમ ચેતનામાં રહેનાર વ્યક્તિ જ દિવ્ય-કર્મ કરી શકે છે. આવી વ્યક્તિનાં કર્મો પરાત્પર પ્રભુના આવિર્ભાવ પ્રક્રિયાનો ભાગ બની જાય છે. તેમાં અવરોધક રહેતા નથી. પણ પોષક બની જાય છે. તેમના કર્મોનો હેતુ દિવ્ય બની જાય છે. આવો સિદ્ધનો નૂતન દિવ્ય જન્મ થઈ ચૂક્યો હોય છે તેથી શ્રીકૃષ્ણ જણાવે છે કે ‘જન્મ કર્મ ચ મે દિવ્યમ્’.

પુરૂષોત્તમ ચેતનાનું આ મુજબ સ્વરૂપ જાણી તે પોતાનું જ સ્વરૂપ છે એવું અનુભવવું જોઈએ. આવી રીતે સમજનાર અને અનુભવનારને પછી કર્મ બંધનોથી રચાતો જન્મમૃત્યુનો ફેરો રહેતો નથી. પણ તે પ્રભુનું કાર્ય કરવા સ્વેચ્છાએ જન્મ લઈ શકે છે. તે Compulsary (ફરજિયાત) રહેતું નથી. Optional બની જાય છે. શ્રી કૃષ્ણ પોતે જ જણાવે છે કે તેમની ચેતના અજન્મા અને અવિનાશી હોવા છતાં (અજોપિ અવ્યયાત્મા) અને પોતે બધા પ્રાણીમાત્રનાં અને પંચમહાભૂતોનાં સ્વામી હોવા છતાં (ભૂતાનાંમીશ્વરોપિ સન્) પોતે ઉત્ક્રાંતિને આગળ ધપાવવા જન્મ લે છે.


**નૂતન પ્રકાશન**

**“યોગના શબ્દો”**

લેખક - સુંદરમ્ પેજ - ૭૨, કિંમત - ૬૦.૦૦

બાલદક્ષિણામાં યોગમાંના શબ્દોનો પરિચય રૂપે આવતા લેખોનો અનુપમ સંગ્રહ.

સદર પ્રકાશન - **શ્રી અરવિંદ કૃપા ટ્રસ્ટ** - અમદાવાદનું છે.

# વેદવિજ્ઞાન

પ્રકરણ - ૩

## વૈદિક સૂકતો
## દિવ્ય-દેહ નિર્માણ

(સૂર્ય-શકિત દ્વારા ચૈત્યપુરૂષની બાંધણી)

પરમચેતનાના પ્રકાશસ્વરૂપ પાસાને મિત્ર કહેવાય છે જયારે શકિત સ્વરૂપ પાસાને 'વરૂણ' કહેવાય છે તેથી વેદોમાં 'મિત્રાવરૂણૌ' એવા જોડાયેલા શબ્દો જોવા મળે છે. આ બન્ને પાસા સૂર્ય મારફત પ્રગટ થાય છે. મિત્ર અર્થાત પ્રકાશને 'ગાયત્રી' કહેવાય છે જયારે વરૂણને સાવિત્રી. આ શકિતસ્વરૂપ સાવિત્રી અર્થાત વરૂણ આપણા તેજોમય સ્ફુલિંગમાંથી દિવ્ય-પ્રકૃતિને વિકસાવી તેને દિવ્ય-પુરૂષ તરીકે કેવી રીતે વિકસાવે છે તેની પ્રક્રિયા નીચેના મંત્રમાં જણાવેલ છે.

**૧ આ કૃષ્ણેન રજસા વર્તમાનો નિવેષયન્ અમૃત્યં ચ હિરણ્યૈન સહિતા રથેન દેવો યાતિ ભુવનાનિ પશ્યન્॥**

સૂર્ય-શકિત સાવિત્રી નીલ કિરણો (આ કૃષ્ણને = Altra Violet) દ્વારા પાર્થિવ પરમાણુમાં (રજસા) પ્રવેશીને (નિવેષયન્)પાર્થિવ અણુમાં અણુ-શકિત તરીકે રહે છે (વર્તમાન) અને તેમાં સદાને માટે રહે છે (અમૃત્યં ચ) અને ત્યાં સુવર્ણમય પ્રકાશ ધારણ કરે છે (હિરણેન સહિતા) તેમની દ્વારા તે, શકિતને વહન કરનાર શારીરિક કોષો (રથેન) માં આવી કોષોની અંદર રહેલ ચેતનાના પ્રકાશના સ્ફુલિંગમાં આવી એકરૂપ થઇ જાય છે. (દેવો યાતિ) તે પછી તે શારીરિક-કોષોના સંયોગથી બનેલ ચૈત્યપુરૂષના રહેઠાણ સ્વરૂપ ત્રણ શરીરમાં પ્રવેશે છે. (ભુવનાનિ) તેથી ચૈત્યપુરૂષ પોતાના આ શરીરો બાબત સભાન બનવા લાગે છે. (પશ્યન્)

**૨ સપ્તસ્યાસન્ પરિધયઃ સમિધા કૃતા । દેવો યદ્ યજ્ઞમ્ તન્વાતા અવધ્નન્ પુરૂષં પશુન॥**

શરીરના કોષોનું બાહય કવચ પરીધ સપ્તધાતુનું બનેલું છે તેથી તેના સાત પરીધો છે. (સપ્તસ્યાસન્ પરિધયઃ) તે સપ્તધાતુ રૂપી પરીધો જ તે ચૈત્યપુરૂષને પોષણ પુરૂ પાડે છે અર્થાત તેઓ ઈંદન તરીકે, સમિધા સ્વરૂપે વપરાય છે (સમિધા કૃતા) વૈશ્વિક-શકિતઓ સ્વરૂપ દેવોએ (દેવાઃ) જે આ

ચૈત્યપુરૂષના રહેઠાણ સ્વરૂપ ત્રણે શરીરનો વિકાસ કરવાનો યજ્ઞ કરી રહયાં છે (યદ્-યજ્ઞમ્) અને તેને સતત લંબાવ્યે જાય છે (તન્વાના) તેથી ચૈત્યપુરૂષ અહંકારરૂપી પશુનો (પશુન્=મહિસાસુર આનું પ્રતીક છે) નાશ કરે છે (અવઘ્નન્) અને ચૈત્યપુરૂષ જે પ્રથમ વૈરાજયમાં રહેતો હતો (અરાજકતા) તે હવે સુરાજયમાં રહેવા લાગે છે. (સુરાજયમ્) તેમાંથી બધા મન, પ્રાણ શરીરનાં તત્વો ઉપર શાસન સ્થાપી અધિરાજયમાં વસે છે (સુબો) તે પછી સર્વત્ર શાસન સ્થાપી સામ્રાજયમાં વસે છે(સામ્રાજય)

ત્યારે જ દિવ્ય-દેહ રચાય છે. વૈરાજ્ય, સુરાજ્ય, અધિરાજ્ય અને સામ્રાજ્ય આ ચૈત્યપુરૂષનાં ત્રણે શરીરો ઉપર વધતા જતા પ્રભાવ અને નિયંત્રણની ચડતી શ્રેણી રૂપ અવસ્થાઓ છે.

## વ્યષ્ટિ અને સમષ્ટિની ચેતના

વ્યક્તિનું ચૈતન્ય એ પ્રગટ ચૈતન્ય છે અને સમષ્ટિનું ચૈતન્ય હંમેશા ફુટસ્થ છે. ફૂટસ્થ એટલે સમષ્ટિના અણુએ અણુમાં અવ્યકતપણે પડેલું ચૈતન્ય. એને ફુટસ્થ ચૈતન્ય કહે છે.

વ્યક્તિની અંદર જે ચૈતન્ય છે તે પ્રગટ ચૈતન્ય છે પણ એ જે અપ્રગટ છે તે તો છે વૈશ્વિક ચૈતન્ય છે. એ વ્યક્તિ દ્વારા વૈશ્વિક ચૈતન્યમાં જઈ શકાય છે.

ફુટસ્થ ચૈતન્યનો જ્યારે અનુભવ કરવો હોય ત્યારે એના વ્યષ્ટિ ચૈતન્યમાંથી નીકળી જાવ. અને પોતાની અંદર જ રહેલાં ફુટસ્થ ચૈતન્યમાં પહોંચી જઈએ તો બહાર વિશ્વનું જે ફુટસ્થ ચૈતન્ય છે એની સાથે એ એકરૂપતા સાધી શકે.

શ્રી માતાજીની જ એક વાત લઈએ. એક વૃક્ષની સાથે પોતે એકરૂપ થઈને વૃક્ષની ચેતનામાં એકરૂપ થઈ ગયા.

પૂ.માતાજી પોતાની અંદર રહેલી જે વિશ્વચેતનાનો પ્રદેશ છે તેની અંદર પહોંચી ગયા ત્યારે પેલા વૃક્ષની અંદર જે ફુટસ્થ ચૈતન્ય હતું ત્યારે એ પોતે અનુભવી શક્યાં કે હું પોતે એ જ વૃક્ષ છું.

આમાં ચેતના અને આત્મા એ બંને વસ્તુ અલગ છે. સાક્ષી ભાવે જે જૂએ છે તે આત્મા છે. અને જે અનુભવે છે તે છે ચેતના. -**ભૂપેન્દ્ર ત્રિવેદી**

૩૦.૩.૮૦

# ઉપનિષદોનું અમૃત

પ્રકરણ - ૭

## છાદોગ્યોપનિષદની પંચાગ્નિ - વિદ્યા

(૫/૩ - ૧૦)

પુરાતન કાળમાં વિદ્વાન બ્રાહ્મણો ઉપજીવિકાનું કાયમી સાધન મેળવવા રાજસભામાં જતા અને પોતાની વિદ્વતાને કારણે કાયમી રાજ્યાશ્રય મેળવતા. આરૂણિઋષિનો પુત્ર શ્વેતકેતુએ પણ તેવો જ વિચાર કર્યો. તે પંચાલ દેશના પ્રવાહણ રાજાની રાજ્યસભામાં પહોંચી ગયો અને પોતે વેદવિત્ છે, પોતે પિતા આરૂણિઋષિ પાસે વેદજ્ઞાન મેળવ્યું છે એમ જણાવ્યું.

રાજા પ્રવાહણ પોતે જાણકાર હતો. તેણે વેદવિદ્યાનાં પાંચ પ્રશ્નો પૂછ્યાં.

૧ મૃત્યુ પછી લોકો ક્યાં જાય છે?

૨ કાલાંતરે તે કેવી રીતે ફરી આ લોકમાં પ્રવેશ મેળવે છે?

૩ દેવયાન અને પિતૃયાન માર્ગ ક્યાંથી અલગ પડે છે?

૪ પરલોકમાં ભરાવો શા માટે નથી થતો?

૫ પંચાગ્નિની પાંચમી આહૂતિ પછી તે 'પુરૂષ' સ્વરૂપને કેવી રીત પ્રાપ્ત કરે છે?

શ્વેતકેતુએ એકે પ્રશ્નનો જવાબ ન આપ્યો. તે શરમાઈને ઘેર પાછો આવ્યો. અને તેને વેદવિદ્યા શિખવી છે એવું કહીને ભ્રમમાં રાખ્યો માટે પિતા પાસે ધોકો કર્યો. આરૂણિઋષિ પણ પાંચ પ્રશ્નો સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે તે જ્ઞાન મેળવવાનો નિશ્ચય કર્યો. અને પ્રવાહણ પાસે પહોંચી ગયા. પ્રવાહણે આદર સત્કાર કરીને ધન આપવાની તૈયારી દર્શાવી પણ આરૂણિ ઋષિએ તો પંચાગ્નિ - વિદ્યા શિખવાનો જ આગ્રહ રાખ્યો. તેથી તેમને રોકી રાખ્યાં. પંચાગ્નિ - વિદ્યા ફક્ત ક્ષત્રિયો જ જાણતા હતા. તે બ્રાહ્મણને આપવી કે નહિં, તે બાબત પ્રવાહણ મુંઝાયો હતો. પણ અંતે જિજ્ઞાસુને આપવી જોઈએ એવો વિવેક કરી તે વિદ્યા આરૂણિ-ઋષિને આપી.

પંચાગ્નિ સાધનામાં અસીમ પ્રકાશ સ્વરૂપ બ્રહ્મ તત્વનું ચિંતન, મનન નિદિધ્યાસનથી શરૂઆત થાય છે. તે ધ્યાનમાં દેખાતા અસીમ પ્રકાશને જ શ્રદ્ધાથી

બ્રહ્મ તત્વ માનવાની પ્રથમ આહૂતિથી શરૂઆત થાય છે. આવા અસીમ પ્રકાશને બ્રહ્મ તત્વ માનવું એ માટેનું સૂત્ર છે ''આપોમયિશ્રદ્ધાં'' આપ અર્થાત પાણી એ નિરાકાર તત્વનું પ્રતીક છે, કારણ પાણીને પોતાનો નિશ્ચિત આકાર નથી. તેવું જ શ્રદ્ધાનું છે. જેવો શ્રદ્ધાનો વિષય તેવી શ્રદ્ધા થાય છે.

પંચાગ્નિવિદ્યામાં દર્શાવવામાં આવે છે કે પેલા નિરાકાર અસીમ પ્રકાશને જ બ્રહ્મ તત્વ માનવાની શ્રદ્ધા સતત પોતામાં રેડતા રહો. તેથી સાધક પ્રાકશમય બ્રહ્મ તત્વનો અનુભવ કરવા માંડશે. તે પછી નીચેની પાંચ આહૂતિ દ્વારા દિવ્ય-શરીરનો ગર્ભ તૈયાર કરવામાં આવે છે.

પ્રથમ આહૂતિમાં દર્શાવેલ છે કે આ રીતે પ્રકાશમય બ્રહ્મ-ચેતનાનો અનુભવ થયા બાદ તે પ્રકાશ સાધકના સમગ્ર આંતરબાહ્ય ગાત્રોમાં ચંદ્રમાની ચાંદની જેવો સૌમ્ય પ્રકાશ ઓતપ્રોત અનુભવાય છે. સોમની ઉત્પતિ થાય છે. તે અનુભવ આનંદદાયક હોય છે.

બીજી આહૂતિમાં એ દર્શાવેલ છે કે આ પ્રકારે સોમનું ધ્યાન કરતાં કરતાં સાધકને પોતાના સહસ્રાર-ચક્ર દ્વારા દિવ્ય-શક્તિઓની જોશપૂર્ણ વર્ષા થઈ રહી છે. એવો સમગ્ર શરીરમાં વીજળીનો પ્રવાહ વહેતો હોય એવો અનુભવ આવે છે. તેથી સોમમાંથી વર્ષા નિર્માણ થાય છે. એમ અહિં જણાવે છે.

ત્રીજી આહૂતિમાં આ દિવ્ય-શક્તિઓની વર્ષાને કારણે સાધકના સર્વે શારીરિક કોષો આંતર પ્રકાશથી ઝળહળતા થએલાં અનુભવાય છે. શારીરિક તત્વ અન્નથી પોષાતું હોવાથી તેને 'અન્ન' કહે છે અને વર્ષાથી અન્ન પાકે છે, એમ જણાવે છે.

ચોથી આહૂતિમાં જણાવવામાં આવે છે કે આ પ્રકાશમય કોષોને કારણે તે કોષોમાં બ્રહ્મ-ચેતનાને ધારણ કરવાની ક્ષમતા સ્વરૂપ દિવ્યક્ષમતા રૂપ સાહસ વીર્ય-રેત-ઉત્પન્ન થાય છે.

પાંચમી અને અંતિમ આહૂતિમાં દર્શાવવામાં આવે છે કે આવા બ્રહ્મ ચેતના ધરાવતા કોષોમાંથી દિવ્ય-દેહની રચનાનો ગર્ભ બંધાય છે. અને પ્રકૃતિરૂપી સ્ત્રી ગર્ભવતી બને છે. અને તે વીર્ય આત્મપુરૂષની રચના કરે છે. ત્યારે જ તે પૂરૂષ સંજ્ઞાને પાત્ર થાય છે. પ્રવાહણે પૂછેલા પાંચમા પ્રશ્નનો જવાબ આ પંચાગ્નિ-વિદ્યા છે.

હવે પ્રવાહણ પ્રથમ પ્રશ્નનો જવાબ આપે છે. આવી પંચાગ્નિ-વિદ્યાનાં સાધકની મૃત્યુ પછીની ગતિ શું છે?

આવી પંચાગ્નિ-વિદ્યાની ઉપાસનાથી તે પ્રકાશની દેવતા સ્વરૂપ અર્ચિમાર્ગ-

દેવયાન પંથના દેવતાઓને પ્રાપ્ત થાય છે. તે પ્રકાશ વધતો જ જાય છે. તે દિવસનો પ્રકાશ, પછી શુક્લપક્ષનો પ્રકાશ, પછી ઉત્તરાયણનો પ્રકાશ, પછી સંવત્સરનો પ્રકાશ તે પછી આદિત્યનો પ્રકાશ, ચંદ્રનો પ્રકાશ, અંતે વિદ્યુતનો પ્રકાશ બને છે. સારાંશ તે પ્રકાશ વધારે ને વધારે વિશાલ અને સ્થાયી અને સક્રિય બને છે. અંતે પુરૂષોત્તમ-ચેતના સ્વરૂપ બની જાય છે. આ દેવયાન-પંથનો પ્રવાસ છે.

હવે બીજા પ્રશ્નમાં પુછેલું કે પિતૃયાન અને દેવયાન માર્ગ અલગ ક્યાંથી પડે છે?

કર્મોને કારણે જ આ બન્ને માર્ગ જુદા પડે છે. નિત્યકર્મ કરવાને ઈષ્ટ કર્મો કહેવાય છે. વાવ, કુવા ખોદાવવા, ધર્મશાળા બાંધવી આને ‘આપૂર્ત’ કર્મ કહેવાય છે. દાન આપવાને ‘દત્ત’ કર્મ કહે છે. આ ત્રણેના કારણે (ઈષ્ટ, આપૂર્ત, દત્ત) પિતૃયાન પંથે ગતિ પ્રાપ્ત થાય છે.

પિતૃયાન માર્ગને જ ધૂમમાર્ગ, દક્ષિણમાર્ગ કહે છે. તેમાં ધૂમમાંથી, રાત્રી, તેમાંથી કૃષ્ણપક્ષ, તેમાંથી દક્ષિણાયન, તેમાંથી પિતૃલોક ત્યાંથી આકાશ અને ત્યાંથી આકાશ અને ત્યાંથી સોમલોકને પ્રાપ્ત થાય છે. ત્યાં તેઓ દેવો સાથે રહે છે. પછી પાછા જન્મ લે છે. આત્મ-વિદ્યાની ઉપાસનાથી, દેવયાન પંથે જાય છે. આમ કર્મના ભેદને કારણે આ બન્ને માર્ગ કર્મના સ્થાનેથી જુદા પડે છે.

ત્રીજો પ્રશ્ન હતો, ઉર્ધ્વ-લોકથી આત્મા ફરી જન્મ કેવી રીતે લે છે? જવાબ છે સોમમાંથી વળતા ક્રમે આકાશ તેમાંથી વાયુ, વાયુમાંથી દક્ષિણાયન, કૃષ્ણપક્ષ, રાત્રી અને ધૂમ બની વાદળ બને છે. તેમાંથી વર્ષા સાથે ખેતરમાં પડે છે અને પાક, ઔષધિ બને છે. તેમાંથી કોઈકનું અન્ન બની વીર્ય બને છે. તે ગર્ભમાં વપરાઈ જન્મ લે છે. ઉત્તમ કર્મોવાળા ઉત્તમકૂળમાં જન્મે છે. તેમને રમણીય-ચરણા કહે છે. અશુભ કર્મોવાળા નીચયોનિમાં જન્મી કળૂય-ચરણા કહેવાય છે. ચોથો પ્રશ્ન છે પરલોક ભરાતો કેમ નથી? તેનો જવાબ નીચે મુજબનો છે. આવી રીતે પરલોકમાં જીવોની આવ જા થવાથી ત્યાં ભરાવો થતો નથી. વળી થોડાક તો દેવયાન પંથે જાય છે. બીજા ક્ષુદ્ર જીવો તો આવા પરલોકમાં આવતા જ નથી. તેમના માર્ગને કીટ-પતંગ માર્ગ કહે છે. તેથી પરલોક ભરાતાં નથી.

પંચાગ્નિ સાધનનો મૂળ સિદ્ધાંત છે. અપરા પ્રકૃતિને શુદ્ધ કરી પરા પ્રકૃતિમાં રૂપાંતર કરવું. ઉપરનાં પાંચ મંત્રોમાં આ પ્રક્રિયા વર્ણવી છે. પંચાગ્નિ સાધનાને બીજી રીતે પણ વર્ણવવામાં આવી છે. રાજા પ્રવાહણે તેને શુદ્ધિકરણની પ્રક્રિયા તરીકે વર્ણવી છે. તો રાજા અશ્વપતીએ તેને પંચકોષો દ્વારા પ્રકાશની આરાધના કરીને પંચકોષોને દિવ્ય-કરવાની પ્રક્રિયા તરીકે વર્ણવેલ છે.

# -: પૂર્ણયોગનું પ્રથમ સોપાન :-

## (શ્રી અરવિંદ પુદુચેરી આગમન શતાબ્દી વર્ષ નિમિત્તે)

**- શ્રી હર્ષદ ઠકરાર**

આપણે સૌ શ્રી અરવિંદની પુદુચેરી આગમનની શતાબ્દી ઉજવી રહ્યા છીએ. આ શતાબ્દી કેવી રીતે ઉજવવી જોઇએ તે માટે શ્રી માતાજીએ શ્રી અરવિંદ જન્મ શતાબ્દી નિમિત્તે આપેલા સંદેશાઓ માર્ગદર્શક રૂપ છે.

શ્રી અરવિંદના શતાબ્દી વર્ષ દરમ્યાન એક વિશિષ્ટ પ્રકારની મદદ પૃથ્વી ઉપર આવેલી છે, આપણે તેનો ફાયદો લઈએ જેથી અહંકાર ઉપર વિજય મેળવીએ અને પ્રકાશમાં દાખલ થઈએ.

શ્રી માતાજી (માતૃવાણી ગ્રંથ ૧૩ઃ પૃ.૧૦)

આ સંદેશા દ્વારા શ્રી માતાજી સાધકને તેના અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરી, પ્રકાશમાં પ્રવેશ કરવાનું સૂચવે છે. આ સંદેશ પ્રત્યેક સાધક માટે શ્રી અરવિંદના પૂર્ણયોગની સાધના માટે પ્રથમ સોપાન સમાન છે.

સાધકમાં અહંકાર શા માટે ઉત્પન્ન થાય છે ? તેનો પ્રત્યુત્તર આપણને ગીતાના અધ્યાય ૧૪માં યોગેશ્વર શ્રી કૃષ્ણ સમજાવે છે તે મુજબ સત્વ, રજસ્ અને તમસ્‌થી બંધાવેલી ત્રિગુણી પ્રકૃતિ છે. આ સત્વ, રજસ્ અને તમસ્ માનવને કઈ રીતે બંધનમાં નાખે છે તે આપણને શ્રી અરવિંદ સરળ ભાષામાં સમજાવે છે.

માનવની પ્રકૃતિમાં નિષ્ક્રિય રહેવાની એશ, આરામ ભોગવવાની, એક દુર્બળવૃતિ રહેલી છે. એ છે તમસ્. તમસ્ સાધકમાં આળસ, વિષાદ, મનોવિભ્રમ, ભય વગેરે પ્રત્યે ખેંચી જાય છે.જે તામસિક અહંકારનો ગુણ છે. આ અહંકારમાંથી મુકત થવા માટે સાધકે 'અકર્મ' પ્રત્યેની આસકિતમાંથી મુકત થવાનું છે.

માનવ પ્રકૃતિમાં વસ્તુઓને પ્રાપ્ત કરવા માટે, કર્મ માટે ઈચ્છા અને લાલસા રહેલી છે અને એ દ્વારા રજસ બંધન ઉત્પન્ન કરે છે. રજસ હંમેશા કર્મ માગે છે અને કર્મના ફળ અર્થે પ્રવૃતિ કરતો રહે છે, જે સાધકમાં રાજસિક અહંકાર

ઉત્પન્ન કરે છે. આ રાજસિક અહંકારમાંથી મુકત થવા માટે ગીતામાં જણાવ્યા મુજબ 'ફળની ઈચ્છામાંથી કર્મો ન કરો.' તમારા કર્મો પ્રભુને અર્પણ કરી દો.

સત્વ ગુણ સાધકને જ્ઞાન અને સુખના બંધનમાં રાખે છે. સત્વ હમેશાં અપૂર્ણ સાક્ષાત્કાર સાથે જોડી રાખે છે. સત્વ સાધકમાં એવી ભ્રમણા ઉત્પન્ન કરે છે કે સાધક સ્વયં ગુણવાન છે, સ્વયંના સિદ્ધાંતો તથા અભિપ્રાયો તદન સાચા છે, તે પ્રકારનો ભાવ ઉત્પન્ન કરે છે. આમ સાત્વિકનો અહંકાર સાધકની અંદર કર્તા ભાવ ઉત્પન્ન કરે છે, આ સત્યના અહંકારમાંથી મુકત થવા માટે સાધકે પોતે કર્તા નથી. પરંતુ પ્રભુના કર્મનું એક કરણ છે, તે ભાવ વિકસાવવાનો છે.

વાસ્તવમાં સાધકમાં રહેલ પ્રકૃતિના ગુણો એ આભાસ છે. જેનું કારણ માનવનો જીવાત્મા અધોમુખ પ્રકૃતિમાં મન, પ્રાણ અને શરીર સાથે જે તાદાત્મય અનુભવે છે, તથા પોતાના મૂળ સ્વરૂપ પરમાત્માના અંશ તરીકેની વિસ્મૃતિથી ઉત્પન્ન થાય છે. જેને કારણે સાધકમાં આસકિત તથા દ્વન્દ્વ ઉત્પન્ન થાય છે. આ વિસ્મૃતિમાંથી મુકિત એટલે શ્રીમાતાજી જગાવે છે તે મુજબ પ્રકાશમાં પ્રવેશવું.

પ્રકાશમાં પ્રવેશ કેવી રીતે કરવો તે શ્રી અરવિંદ આપણે સરળ ભાષામાં સમજાવે છે કે સાધકે સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ ભકિત અને સંપૂર્ણ કર્મ, દ્વારા જીવન વ્યતિત કરવાનું છે.

સંપૂર્ણ જ્ઞાન એટલે સર્વ પદાર્થોમાં પ્રભુનું દર્શન કરવું, અને એ રીતે પ્રભુની આ વિશ્વવ્યાપી મહાન યોજનામાં કઈ રીતે વસ્તુઓ પરસ્પર સંકળાયેલી છે તે સમજવું.

સંપૂર્ણ ભકિત એટલે વસ્તુમાત્રનો આનંદપૂર્વક સ્વીકાર કરી લેવો, કારણકે સર્વે આપણા એ દિવ્યત્તમ પ્રભુ પાસેથી જ આપણને આવી મળે છે અને એ રીતે જોવાથી દ્વન્દ્વ જેવું રહેતું નથી.

સંપૂર્ણ કર્મ એટલે સઘળા કાર્યોને યજ્ઞ તરીકે પ્રભુને સમર્પણ કરી દેવા, તેમજ કર્મ સાથે જોડાયેલ દ્વન્દ્વો જેવા કે જય-પરાજય, માન-અપમાન, સુખ-દુઃખ, વગેરે પ્રત્યે ઉદાસીનતા સેવવી.

આ રીતે અહંકાર ઉપર વિજય અને પ્રકાશમાં પ્રવેશવું એ છે શ્રી અરવિંદ પુદુચેરી આગમનની શતાબ્દીની સાચી ઉજવણી.

# કેન્દ્રનું સાચું કાર્ય

(મા શ્રી અરવિંદ સાધના કેન્દ્રના સ્થાપનાદિન નિમિત્તે)

## જે શ્રી અરવિંદ અને માતાજીનું કાર્ય છે તેને જ આગળ ધપાવવું એ દરેક કેન્દ્રનું કાર્ય છે.

**અ માતાજીએ તા.૨૭.૩.૩૬નાં વાર્તાલાપમાં પોતાનું પૃથ્વી ઉપરનું કાર્ય વર્ણવ્યું છે, જે નીચે મુજબનું છે. પૃથ્વી ઉપર નીચેની વસ્તુઓની સ્થાપના કરવાની છે.**

૧ ચેતનાની પૂર્ણ અભિવ્યક્તિ.

૨ સર્વ કક્ષાનું સુસંવાદી જ્ઞાન અર્થાત સર્વજ્ઞતા.

૩ અજેય દિવ્ય-શક્તિ જે સતત સક્રિય રહે.

૪ શારીરિક પૂર્ણતા અર્થાત નિરામય, શાશ્વત આનંદમય જીવન.

૫ ચેતનાનો અખંડ વિકાસ અર્થાત સતત આગળ વધતી ઉત્ક્રાંતિ.

૬ બધી વ્યક્તિઓમાં રોગ નિવારણ, દુઃખ નિવારણ ક્ષમતા અર્થાત પ્રભુકૃપાનું માધ્યમ બનવાની ક્ષમતા.

૭ વિસંવાદનો સંપૂર્ણ પરિત્યાગ અને તેથી અકસ્માત અને વિરોધી શક્તિઓનાં હુમલાઓને નામશેષ કરવા.

૮ જીવનનાં દરેક ક્ષેત્રમાં પ્રગતિ અર્થાત દરેક ક્ષેત્રે પ્રભુની અભિવ્યક્તિ.

**બ આશ્રમમાં પ્રવેશ માટેની શરતો બાબત માતાજીએ ૨૫-૮-૧૯૯૨ના વાર્તાલાપમાં જણાવેલી જીવન-પદ્ધતિ સમાજમાં વિકસાવવી એ પણ કેન્દ્રનું કાર્ય છે જે માતાજીએ નીચે મુજબ વર્ણવેલ છે.**

**આશ્રમમાં પ્રવેશ માટે વ્યક્તિએ નીચે મુજબ જીવન જીવવાનો સંકલ્પ અને સંનિષ્ઠ પ્રયત્ન કરવો જોઈએ.**

૧ સમગ્ર જીવનને પ્રભુ સેવામાં સમર્પિત કરવાનો દૃઢ નિશ્ચય

૨ પ્રભુની સેવાનો અર્થ છે પોતે પ્રભુનો સાક્ષાત્કાર કરવો અને અન્યને તે કરવામાં સહાયભૂત થવું. આ સહાય કોઈપણ સ્વરૂપની હોઈ શકે છે.

૩ પ્રભુની સેવામાં પૂર્ણતા પ્રાપ્ત કરવા નીચેનાં ગુણો પોતામાં અને અન્યોમાં ખીલવવાનો પ્રયત્ન કરવો - સચ્ચાઈ વફાદારી, નમ્રતા, કૃતજ્ઞતા.

**ક માતાજીએ પોતાનાં ૨-૬-૫૪નાં વાર્તાલાપમાં જીવનનું સાચું લક્ષ્ય નીચે મજબ વર્ણવ્યું છે. તે લક્ષ્ય પ્રતિ પોતે અને સમાજ વધે તેવું કાર્ય કરવું એ કેન્દ્રનું કાર્ય ગણાશે. તે છે**

૧ આપણામાં અને દરેક હસ્તી માત્રમાં રહેલ પ્રભુને શોધી કાઢવાં અને તેની સાથે એકરૂપતા સાધવી આને જ પ્રભુનો સાક્ષાત્કાર કહે છે. આને જ પ્રભુની દિવ્ય-હાજરીમાં જીવવું એમ કહે છે.

સારાંશ જીવનમાંનાં અજ્ઞાન અને તેથી નિર્માણ થતી મુર્ખાઈઓ ઉપર પોતે વિજય મેળવવો અને અન્યને વિજય મેળવતા શિખવવું એ જ કેન્દ્રનું સાચું કાર્ય છે (વાર્તાલાપ ૧૯.૩.૭૦)

---

(પાના નં.૯નું આગળ)

મંદ થવાની શરૂઆત થઈ જાય છે. તે જાગૃત અને દક્ષ રહેતી નથી.

બીજી બાજુ સ્વચ્છતાને કારણે 'મને હવે રોગ નહિં થાય' એ શ્રદ્ધા તમારી રોગપ્રતિકાર શક્તિને વધારે મજબૂત બનાવે છે. તો માતાજી ગાળેલા પાણીનો આગ્રહ શા માટે રાખવો ? બેટા, તેથી તમારી નિરામય રહેવાની શ્રદ્ધામાં જોમ પુરાય છે માટે. બીજી બાજુ તમારું અવચેતન ગાળ્યા વગરનું પાણી પીવાથી હવે તું માંદો પડીશ એવા સૂચનો આપવા માંડે છે જે અંતે પરિણામદાયી નિવડે છે.

સમજો મન અને પ્રાણ ઉપર સંયમ કરી તમે આવા અવચેતનનાં સૂચનો બંધ કરી દીધા છે. છતાં શરીર તો પોતાના સૂચનો કર્યા જ કરે છે. તેના ઉપર પણ યોગ-સાધનામાં વિજય તો મેળવવાનો જ છે. સર્વથા ભયમુક્ત બનવું યોગમાં જરૂરી છે. અલિપ્તતા, અક્ષુબ્ધતાને કેળવવી ખૂબજ જરૂરી છે.

# માનવવિકાસ ચક્ર

પ્રકરણ - ૨

## ભૂમિકા

ડૉ.શ્રી કે.કે.ખખ્ખર

શ્રી અરવિંદે ઉત્ક્રાંત થતા માનવસમાજની સમજૂતિ મનોવૈજ્ઞાનિક અને આત્મલક્ષી(સબ્જેકટીવ) સિધ્ધાંતોની મદદથી આપી છે. આથી જ તેમના ગ્રંથ 'માનવવિકાસ ચક્ર' નું પૂરોગામી શીર્ષક 'સામાજિક વિકાસનું મનોવિજ્ઞાન' રાખવામાં આવેલું. શ્રી અરવિંદે સમજાવ્યું કે મનુષ્ય ચોકકસ ઉદેશો કે હેતુઓથી પ્રેરાઈને કોઈપણ પ્રવૃતિ કરતી હોય છે. આ હેતુઓ કે ઉદેશોનું ઉદ્‌ગમ સ્થાન માનવી અને માનવીઓના બનેલા સમાજપુરૂષનું મન હોય છે. આથી માનવસમાજમાં આવતા પરિવર્તનો પર ભૌતિક બાબતોની તુલનાએ મનોવૈજ્ઞાનિક બાબતો વધુ અસર કરે છે. આવા પરિબળોની અવગણના કરીને માનવવિકાસની યથાર્થ સમજૂતિ આપી શકાય નહીં.

### કાર્લ લેમ્પ્રેશર અને શ્રી અરવિંદ

શ્રી અરવિંદ માનવવિકાસ ચક્ર ગ્રંથના શરૂઆતના પૃષ્ઠોમાં જર્મન ઈતિહાસકાર કાર્લ લેમ્પ્રેશર (૧૮૬૫-૧૯૧૫) નો હવાલો આપતા લખે છે કે તે એક મૌલિક બુધ્ધિપ્રતિભા ધરાવતો એવો ઈતિહાસકાર હતો, જેણે યુધ્ધપૂર્વેના જર્મનીના ઈતિહાસને સૌ પ્રથમ વખત જ મનોવૈજ્ઞાનિક સિધ્ધાંતોની મદદથી સમજાવ્યો. કાર્લ લેમ્પ્રેશરે જર્મનીના ઈતિહાસના વિવિધ તબકકાઓનાં આપેલા શીર્ષકોમાં શ્રી અરવિંદને વિશેષ રસ પડયો હતો. તેમણે આ શીર્ષકોના ગૂઢાર્થો શોધીને તેની ચર્ચા માનવવિકાસ ચક્રના પ્રથમ બે પ્રકરણોમાં કરી છે. શ્રી અરવિંદે ભારતના સંદર્ભમાં દષ્ટાંતો સહિત કરેલી આ ચર્ચા તદ્‌ન મૌલિક અને શ્રી અરવિંદની જ કહી શકાય તે પ્રકારની છે. પછીના કોઈ પ્રકરણોમાં શ્રી અરવિંદ કાર્લ લેમ્પ્રેશરનો ઉલ્લેખ કરતા નથી.

### ઈતિહાસના તબકકાના લેમ્પ્રેશરે આપેલા શિર્ષકો

લેમ્પ્રેશરે યુરોપના અને ખાસ કરીને જર્મનીના ઈતિહાસની ચર્ચા પાંચ તબકકાઓમાં કરી છે, જેના તેમણે આ પ્રમાણે શિર્ષકો આપ્યા; પ્રતિકાત્મક (સિમ્બોલીક), નમૂનારૂપ (ટાયપલ) રૂઢિગત, (કન્વેન્શનલ), તર્ક-આધારિત

(રેશનલ) અને વ્યકિતગત તથા આત્મલક્ષી (ઇન્ડીવીડયુઅલ અને સબ્જેકટીવ). શ્રી અરવિંદે માનવવિકાસ ચક્રના પ્રથમ પ્રકરણમાં ત્રણ અને બીજા પ્રકરણમાં બે શીર્ષકોના ઉંડાણમાં જઇને પોતાના અભિગમની મદદથી તેના નવા જ અર્થો કરી બતાવ્યા છે. શ્રી અરવિંદે અપનાવેલો અભિગમ મનોવૈજ્ઞાનિક હોવા ઉપરાંત તેથી પણ આગળ આધ્યાત્મિક છે. આ અભિગમ દ્વારા શ્રી અરવિંદ માનવસમાજની ઉત્ક્રાંતિના તબકકાઓ કે યુગો નકકી કરી આપે છે તેની ચર્ચા આગળ ઉપર કરીશું.

## માનવવિકાસ : સુરેખ કે ચક્રાકાર ?

કાર્લ લેમ્પ્રેશરે માનવવિકાસને સીડીની માફક સુરેખ પણે, તબક્કા (પગથિઆ) વાર અને નીચેથી ઉપરની બાજુએ જતો બતાવ્યો. શ્રી અરવિંદે આ સમજૂતિનો પ્રતિવાદ કર્યો. તેમણે બાકીના તમામ ફિલસૂફો અને સમાજવિજ્ઞાનીઓથી અલગ પડીને સમજાવ્યું કે મનુષ્ય અને તેના સમૂહ (સમાજ પુરૂષ)નું મન વૈવિધ્યપૂર્ણ અને જટિલ હોવાથી તે અટપટા વળાંકો લેતું આગળ વધે છે. આથી નીચેથી ઉપરની બાજૂએ ઉત્ક્રાંત થતો સમાજ સુરેખપણે કે સીધી લીટીમાં આગળ વધતો નથી. માનવસમાજ સીડીનાં પગથિયાની માફક નિશ્ચિત ચોકઠાંઓમાંથી પસાર થતો હોવાનું અને આ ચોકઠાં કે તબક્કાઓ વચ્ચે સરહદો અથવા ભેદરેખા આંકી શકાતી હોવાનું માની શકાય તેમ નથી. શ્રી અરવિંદે તદ્દન મૌલિક કહી શકાય તેવી સમજૂતિ પ્રથમ વખત જ આપી અને કહ્યું કે માનવસમાજ ચક્રાકારે ઉત્ક્રાંત થાય છે. માનવસમાજ તેના વિકાસના નીચેના ચક્રમાં હોય ત્યારે જ તેના ઉર્ધ્વગામી વિકાસનું બીજું ચક્ર રચાવાનું ચાલુ થઈ જાય છે. અર્થાત, વિકાસના અનુગામી ચક્રનો એક હિસ્સો હજુ પણ તેના પૂરોગામી ચક્રની અંદર હોવાનું જાણી શકાય છે. અર્થાત નીચેના ચક્રમાંથી માનવ સમાજ ઉપરના ચક્રમાં કૂદકો લગાવીને વિકાસ કરી શકતો નથી. તે વિકાસના એક યુગમાંથી બીજા યુગમાં સંક્રાંત થાય છે. વિકાસના એક યુગમાંથી બીજા યુગમાં સંક્રાંત થાય છે. વિકાસના દરેક સંક્રાંતિના સમયમાં અનુગામી અને પૂરોગામી વિકાસચક્રના 'છાયા વિસ્તારો' હોય છે. જ્યાં બન્ને ચક્રોનાં કેટલાક ભાગો એકમેકમાં ભળી ગયા હોવાનું જણાય છે.

## લેમ્પ્રેશરના શીર્ષકોની શ્રી અરવિંદે આપેલી સમજૂતિ

કાર્લ લેમ્પ્રેશરે દર્શાવેલા માનવવિકાસના પાંચ તબક્કાઓના શિર્ષકોની શ્રી અરવિંદે ખૂબ જ મૌલિક અને રસપ્રદ સમજૂતિ આપી છે. પ્રથમ ત્રણ તબક્કાઓની સમજૂતિ માનવવિકાસ ચક્ર ગ્રંથના પ્રથમ પ્રકરણમાં અને પછીના બે તબક્કાઓના શીર્ષકોની સમજણ આ ગ્રંથના બીજા પ્રકરણમાં આપવામાં આવી છે. (ક્રમશઃ)

# અરવિંદોપનિષદ

પ્રકરણ-૧૫

## બધું બ્રહ્મજ છે

**સ ભુવનાતીતો ભુવનાનિ ધારયતિ। ભુવનભૂતો ભુવનાનિ પ્રવિશતિ। કાલાતીતઃ કાલો ભવતિ। અનંતઃ સાન્તઃ પ્રકાશત। એકો બહવો। અરૂપો રૂપી। વિદ્યામવિદ્યામય્યા ચિત્છકત્યા॥**

તે બ્રહ્મતત્વ ભુવનોથી પર હોવા છતાં ભુવનોને ધારણ કરે છે. ભુવન સ્વરૂપે બનીને ભુવનોમાં પ્રવેશે છે કાળાતીત હોવા છતાં કાળ બને છે. તે અનંત અને શાંત બન્ને સ્વરૂપે પ્રગટ થાય છે. તે એક હોવા છતાં અનેક રૂપો ધારણ કરે છે. તે રૂપ વગર નો હોવા છતાં રૂપો ધારણ કરે છે. તે પોતાની વિદ્યા અને અવિદ્યા શકિતથી જ આ બધું બની રહે છે.

બ્રહ્મતત્વ પોતે અસીમ હોવાથી તે સાકાર વસ્તુઓથી ઉર્ધ્વમાં રહે છે એમ કહી શકાય પણ તે ભુવનનું રૂપ ધારણ કરીને રહે છે અર્થાત નિરાકાર હોવા છતાં સ્વેચ્છાથી સાકાર પણ બને છે. તે ભુવન સ્વરૂપે બનીને ભૂવનમાં અંતર્યામી તરીકે ત્યાં પ્રવેશ મેળવે છે અને અંદરથી ભુવનોના વિકાસનું પોતે જ સંચાલન કરે છે. આવી રીતે નિષ્ક્રિય અવસ્થામાં તે અચલ હોવાથી કાળાતીતતા અનુભવતો હોય છે. તે સનાતન તત્વ છે જે ભૂત તથા ભવિષ્યકાળમાં પણ રહેવાનું છે અને વર્તમાન કાળમાં તો છે જ. તેથી કોઇ કાળ તેનેપોતામાં મર્યાદિત ન કરી શકતું હોવાથી તેને કાળાતીત ગણેલ છે અને તેમ છતાં તે કાળમાં પ્રવેશીને રહે છે. કાળ પોતે જ તેનું એક વિશેષ રૂપ માત્ર છે તે પોતે અનંત છે અર્થાત તેનો કોઇ અંત નથી. તે અસીમ છે. તેને કોઇ મર્યાદા નથી. તે સનાતન તત્વ છે અને છતાં તે સ્વેચ્છાએ સાંત અર્થાત સીમિત થાય છે ને અમુક કાળ સુધી વ્યકત રહી ફરી અવ્યકત બની જાય છે. મધ્યકાળે જ વ્યકત બને છે (વ્યકત મધ્યાતિ-ગીતા) તે સીમિત બનીને અનેક રૂપે પ્રગટ થાય છે. તે અરૂપ હોવા છતાં રૂપ ધારણ કરે છે તેની વિદ્યા અને અવિદ્યા બન્ને પોતાની જ શકિત છે વિદ્યા-શકિતથી તે અસીમ, નિરાકાર, નિર્ગુણ, કાલાતીત સનાતન તત્વ બની રહે છે અને અવિદ્યા શકિતથી

(અનુ.પાના નં.૩૭ ઉપર)

# વિજ્ઞાન અને અધ્યાત્મ

પ્રકરણ - ૩

## અધ્યાત્મની આગેકૂચ

માનવનો આ ધરતી ઉપર આવિર્ભાવ થયો તે પછી ઘણા શતકો સુધી તે પોતાની ઉપજીવિકાના સંઘર્ષમાંથી ઊંચો જ ન આવ્યો. એક પ્રગત વાનર તરીકે જીવતો રહ્યો.

પણ પ્રાણી-જગતના વિકાસ વખતે જ અધ્યાત્મની અભાન અને અજાણ એવી પ્રગતિ થતી જ હતી. પોતાના કુટુંબનું, બાળકોનું સંરક્ષણ કરવું, તેમનું ભરણપોષણ કરવું આ કાર્ય પાછળ પ્રાણીમાત્રની જે પ્રેમભાવના હતી, તેની પોતાના જીવનને ન્યોછાવર કરી દેવાની ત્યાગની ભાવના હતી. તે પાયો બની ગયો. તે વખતે તેઓ આને અધ્યાત્મજ્ઞાનના વિકાસ તરીકે સમજી શકે તેવી ક્ષમતા માત્ર તેમનામાં નહોતી.

માનવે સમાજની રચના કર્યા બાદ અર્થાત કુટુંબકબિલો અને નાના નાના સમૂહ રચ્યા બાદ કુટુંબ પ્રત્યેનો પ્રેમભાવ આ સમૂહ પ્રત્યે પણ કેળવ્યો. તેમની જીવન પદ્ધતિ અને રીતરિવાજોએ ધર્મનું રૂપ લીધું. સૂક્ષ્મ જગતની અને મૃતાત્માઓના ચિત્ર-વિચિત્ર અનુભવોના આધારે ધર્મનું પ્રાથમિક સ્વરૂપ રચાયું. નૈસર્ગિક શક્તિઓની ભવ્યતાના આધારે દૈવી-જગતની કલ્પના વિકસી.

અંતે આ જગતનો કોઈ સર્જનહાર છે પણ તે આ જગતથી જુદો છે અને કરૂણાનો સાગર છે, તે ન્યાયપ્રિય છે એવી કલ્પના ઈશ્વર બાબત રચાઈ. ગ્રીક, રોમન સંસ્કૃતિ વખતે તેમજ પૂર્વ વૈદિક કાળમાં આવો વિકાસ દેખાવા માંડ્યો. આ વિકાસના આધારે ઈસ્લામ અને ખ્રિશ્ચયન ધર્મો સ્થપાયા.

ભારતમાં વેદકાળમાં આ વિકાસ આગળ વધ્યો અને પ્રભુ માનવમાત્રમાં અંતર્યામી પણ છે, હૃદયમાં વસેલાં છે, એવા પ્રભુના વિકસીત સ્વરૂપને માન્યતા મળી છતાં જગત તો પ્રભુથી ભિન્ન જ છે એવો ભાવ હતો.

વૈદિક ઉત્તર કાળમાં પ્રભુએ જ જગતનું રૂપ ધારણ કરેલું છે એવો વિકાસ સધાયો અને તેના અંતિમ પરિપાક એટલે આત્મા અને પરમાત્મા એકરૂપ છે, આ

ઊપનિષદ કાળ હતો.

આવો વિકાસ ભારતમાં જ સધાયો. તેના નીચેનાં કારણો છે.

૧ અહિંનું ઋતુચક્ર માનવ-જીવન માટે અનુકૂળ છે.

૨ અહિં તે વખતે ફળફળાદિની વિપુલતાને કારણે માનવ-જીવનમાંનો સંઘર્ષ સૌમ્ય બની ગયો. તેને કારણે માનવોને આંતિરકયાત્રા ખેડવામાં મદદ મળી

૩ હિમાલયને કારણે આ દ્વિપ અન્ય બાહ્ય હુમલાઓથી સુરક્ષિત રહ્યો. તેથી સમાજને સુરક્ષિતતા અને શાંતિ મળી.

૪ આર્યો સ્વભાવે જ સુસંસ્કૃત હોવાથી અન્ય ધાર્મિક-વિચાર સરણીને તેમણે પોતાની સંસ્કૃતિમાં આત્મસાત્ કરી.

૫ પોતાની સંસ્કૃતિ અને ધર્મના રક્ષણ માટે તેમણે કાયમી સ્વરૂપની યોગ્ય અને અનુકૂળ રાજ્ય વ્યવસ્થા અને આશ્રમ-પદ્ધતિ વિકસાવી.

૬ સાંસ્કૃતિક વારસા સ્વરૂપ વેદોનાં અધ્યયનની શ્રમવિભાગણી કરી દરેક વંશ અને કુટુંબને એક એક કે વધુ વેદો ફાળવી આપ્યાં.

૭ શિક્ષણ પદ્ધતિ નિઃશુલ્ક કરી તેથી શિક્ષણપ્રસાર સારો થયો.

૮ વાનપ્રસ્થાશ્રમમાં દરેકે પોતાના આશ્રમમાં નિઃશુલ્ક શિક્ષણ-સેવા આપવાની પદ્ધતિ અપનાવી શિક્ષકોની અછતનો કાયમી ઉકેલ લાવ્યો.

૯ બ્રહ્મચર્યાશ્રમ સ્વરૂપે શિક્ષણ ફરજિયાત કર્યું.

૧૦ બટુઓના ભોજન વ્યવસ્થા માટે માધુકરી આપવી ગૃહસ્તાશ્રમીને ફરજિયાત કર્યું.

૧૧ ઉપજીવિકાની નિશ્ચિતિ માટે વંશપરંપરાગત ઉપજીવિકાનું સ્વરૂપ નિશ્ચિત કરી આપ્યું.

૧૨ વૈદિક-સાહિત્ય કંઠસ્થ કરવાની પ્રથાથી તેની જાળવણીની વ્યવસ્થા કરી.

ઉપરોક્ત સાધનોને કારણે ભારતીય-સંસ્કૃતિમાં આધ્યાત્મિક-વિકાસે ઉચ્ચત્તમ સપાટી પ્રાપ્ત કરી હતી.

આ ભારતીયોના ગળથુથીમાં વણાઈ જવાથી ભારત આજે અધ્યાત્મ-પ્રધાન દેશ બની ચૂક્યો છે અને અધ્યાત્મ જ એનો શક્તિસ્રોત બની ગયો છે. તેના સાથેનો વિચ્છેદ એ તેને ક્ષીણ બનાવી દેશે.

આધ્યાત્મિક વિકાસ સામે હવે નવા બે પડકારો ઉભા થયા છે.

૧ આજના ઝડપી યુગમાં તેનો કઈ રીતે ઉપયોગ કરી શકાય?

૨ તે આંતરિક-સાક્ષાત્કારોની અનુભૂતિઓ પર આધાર રાખે છે ત્યારે આજના વિજ્ઞાન-યુગમાં તેને પુરવાર કેવી રીતે કરવો?

પ્રથમ પ્રશ્ન ઝડપી વિજ્ઞાન-વિકાસને કારણે નિર્માણ થએલ જીવનની પદ્ધતિને લગતો છે.

અને બીજો પ્રશ્ન તો સીધે સીધો વિજ્ઞાનના ધારાધોરણોને લગતો જ છે. આમ બન્ને પ્રશ્નોનો સંકેત અને ઉકેલ એક જ સમસ્યાના ઉકેલ ઉપર આધારિત બની જાય છે અને તે સમસ્યા છે - શું વિજ્ઞાન અને અધ્યાત્મ આ બન્નેનો સમન્વય શક્ય છે? શું બન્ને પરસ્પર પુરક બની શકે છે? જો મૂળભૂત રીતે તેઓ એક બીજાને પુરક બની શકતા હોય તો ધર્મના બાહ્ય કલેવરને વૈજ્ઞાનિક ઢબે ઢાળી દઈએ તો પ્રશ્નનો ઉકેલ આવવો શક્ય છે.

જો બન્નેનો સમન્વય થવો શક્ય હોય તો વિજ્ઞાન અને અધ્યાત્મ બન્ને પોતાની પ્રગતિની ચરમસીમાએ પહોંચી જશે તેમાં કોઈ સંદેહ નથી. (ક્રમશઃ)

---

(પાના નં.૩૩નું આગળ)

## ભારતીય સંસ્કૃતિ

આપવાની જહેમત લીધી હોય.

ભારતીય સંસ્કૃતિએ માનવના બાહય જીવનને પણ ઘાટ આપવા પ્રયત્ન કર્યો છે. વ્યકિતનું સામાજિક, રાજકીય અને આર્થિક જીવનને પણ તેમાં આવરી લીધું છે. રાજાને પણ તેના ધાર્મિક કર્તવ્ય બાબત સદા તત્પર રાખવાનો પ્રયત્ન થએલ છે.

સારાંશ ભારતીય સંસ્કૃતિએ જીવનને સમગ્ર રીતે સુગઠીત કરવાનો સર્વાંગી પ્રયત્ન કરેલ છે. ભારતીય સંસ્કૃતિએ માનવ પ્રકૃતિ અનુસાર યોગ-પ્રણાલીઓ ગોઠવી છે. ચિંતનશીલ બૌદ્ધિક માનવ માટે જ્ઞાનયોગ, ક્રિયાશીલ માનવ માટે કર્મયોગ અને લાગણીશીલ માટે ભકિતયોગ રચયો છે પણ ત્રણે માનવતાને અતિક્રમી દિવ્ય-ચેતનામાં પ્રવેશવાનોજ પ્રયત્ન કરે છે.

પરમાત્મા સાથે સર્વાંશે એકરૂપ થવું જે વિશ્વમય સત્તા પણ છે, વિશ્વાતીત સત્તા પણ છે અને આંતરિક વ્યકિતગત સત્તાપણ છે એ જ આ સંસ્કૃતિનું અંતિમ ધ્યેય છે.

# ભારતીય સંસ્કૃતિ

## ભારતીય ધર્મનો પ્રયાસ અને પદ્ધતિ

પ્રકરણ - ૪

(ભારતીય સંસ્કૃતિના પાયા - પેજ ૧૭૦-૧૮૭ ઉપર આધારિત)

ભારતીય સંસ્કૃતિની સાચી ઓળખાણ મેળવવી હોય તો તે સંસ્કૃતિમાંના કેન્દ્રિય મહત્વનાં ઘટકો અને ગૌણ પ્રાસંગિક ઘટકો વચ્ચે તફાવત પાડી તે કેન્દ્રિય ઘટકો કેવી રીતે જીવનને ઘડે છે અને ક્યો ઘાટ આપે છે. તે સમજી લેવું જ ખૂબ જરૂરી છે.

ભારતીય સંસ્કૃતિ આત્મતત્વને જ કેન્દ્રમાં રાખી વાત કરે છે. જીવન દ્વારા વધુને વધુ આત્મતત્વના આવિર્ભાવને તે જીવનનો અને ચેતનાનો વિકાસ ગણે છે. તેના માટે જ જીવન છે એવો જીવન-હેતુ ગણે છે. આત્મા પોતાના આવિર્ભાવ માટે જે પ્રયત્ન કરે છે તે જ તેની શક્તિ છે વિશુદ્ધતમ આત્મતત્વ જ પરમાત્મા છે આત્માના આવિર્ભાવ પ્રક્રિયાને કારણે અજ્ઞાનમય, વાસનાગ્રસ્ત આપણી પ્રકૃતિ આત્માના જ્ઞાનથી પ્રકાશિત થાય છે અને તેથી તે દિવ્ય બની જાય છે.

ગત પ્રકરણમાં જણાવ્યા મુજબ ભારતીય અધ્યાત્મના બે તબક્કા પસાર થાય છે અને ત્રીજાનો આરંભ થઈ રહ્યો છે. તેનો પ્રથમ તબક્કો વેદિકકાળનો હતો. બીજો પૌરાણિક, તાંત્રિક, મહાકાવ્ય કાળનો હતો. હવે ત્રીજા તબક્કાની તૈયારી થઈ ગઈ છે. તે માટે તેણે નિશ્ચિત-માર્ગ શોધવા અનેક સાધના પદ્ધતિઓ વિકસાવી અને છોડી છે પણ હજી સુધી નિશ્ચિત માર્ગનો નિર્ણય લઈ શકાયો નથી. પણ હવે આ પ્રભુની પળ શરૂ થઈ હોઈને તે નિર્ણય લેવાયો છે. કોષોની સાધના દ્વારા જ આ ત્રીજો તબક્કો હાંસલ થશે, એ લગભગ નિશ્ચિત નિર્ણય લેવાયો છે અને ભારત પોતાના અધ્યાત્મનો, સનાતન-ધર્મનો અંતિમ ઉપદેશ આપવા હવે સજ્જ થઈ રહ્યો છે. તેમાં ભારત યશસ્વી જરૂર થશે. કારણ આધ્યાત્મિક પરિપકવતાએ તેમાં બે ગુણો વિકસાવ્યા છે.

૧ વ્યવહારૂ ડહાપણ જે અધ્યાત્મને ભૌતિક જીવન સાથે સુંદર રીતે જોડી દે છે. દા.ત. તેન ત્યકતેન ભુંજીથા :- આસકિતનો ત્યાગ કરીને ભોગ ભોગવો. આધ્યાત્મિક કુશળતા - જેમાં આપણા નૈતિક, સામાજિક કર્તવ્યો પણ દિવ્ય-

કર્તવ્યો બની જાય છે. દા.ત.

**સ્વે સ્વે કર્મણ્યભિરતા : સંસિદ્ધિં લભતે નર : ।**

પોતપોતાનું સામાજિક કાર્ય કરતાં કરતાં આત્મસિધ્ધિ માનવ પ્રાપ્ત કરી શકે છે. આની નીચેની વિશેષતાઓ છે.

૧) ભારતીય અધ્યાત્મમાં બૌદ્ધિક, નૈતિક, ચૈતસિક વિકાસ કરતા કરતા અંતે આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર થાય છે. આ લાંબા તબકકાવાર તૈયારી તેનું વ્યવહારૂ ડહાપણ સૂચવે છે.

૨) બીજા વ્યવહાર એ છે કે સંસ્કૃતિના સંસ્કારો દૃઢ કરીને આધ્યાત્મિક ધ્યેય પ્રત્યે હરક્ષણે આગ્રહ રાખવાની માનસિક તૈયારી કરી લેવાની. આને કારણે જીવન ઉપર જાણતા અજાણતા પરિણામો થવાની શરૂઆત થઈ જ જાય છે.

૩) ત્રીજું, જયાં સુધી કાયમી સ્વરૂપની આધ્યાત્મિક ભૂમિકા ન બંધાય ત્યાં સુધી જીવનની બધીજ કક્ષાઓમાં તેનો આગ્રહ રાખવાનો અભ્યાસ કરવો આને કારણે વ્યકિતના આંતરબાહય જીવન ઉપર તેનો પ્રભાવ અચૂક પડે જ છે.

આવો પરિણામ સ્થાયી બને માટે સામાજિક વ્યવસ્થા પણ કરેલી હતી જે ત્રણ સમૂહમાં વિભાજીત હતી અને દરેક સમૂહમાં ચાર વસ્તુનું ચતુષ્ટય હતું દા.ત.

૧) જીવનનાં ચાર લક્ષ્યો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - ધર્મ એટલે સામાજિક નૈતિક ફરજ, અર્થ એટલે રાજકીય સામાજિક જીવન, કામ એટલે વ્યકિતગત જીવનનાં આદર્શો અને મોક્ષ એટલે આધ્યાત્મિક મુકિત,

૨) બીજો સમૂહ હતો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર આ ચાર વર્ણભેદનો બ્રાહ્મણ જ્ઞાનદાતા, સંસ્કૃતિ રક્ષક ગણાતો, ક્ષત્રિય એટલે યોધ્ધાઓ, વહિવટી અધિકારીઓ, વૈશ્ય એટલે ધંધાર્થી, શુદ્ધ એટલે નોકરિયાત લોકો

૩) ત્રીજો સમૂહ હતો જીવનમાં ચાર વિભાજનનો બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસાશ્રમ. આ ઉપરાંત નીચેની વ્યવસ્થા પણ કરેલી

૧) સંસ્કૃતિએ પોતાની અધ્યાત્મિકતાને સમાજમાં જીવંત રાખવા વ્રતો, વૈકલ્પો, ધાર્મિક ઉત્સવોનું આયોજન કરેલું. પુરોહિતોનાં પ્રવચનો, કથાઓ, કીર્તનોએ પણ અધ્યાત્મની અસરને ચમકદાર રાખી.

૨) આ વસ્તુ બધા માટે હોવા છતાં આ બધાનો પરિણામ તો વ્યકિતનાં ખુલ્લાપણા ઉપર, સંવેદનશીલતા ઉપર જ છે તેથી અધિકારીભેદનો વ્યવહારૂ

ઉકેલ પણ તેણે માન્ય કર્યો.

૩) અધ્યાત્મનો પ્રભાવ સતત રહે માટે સમસ્ત જીવન દ્વારા જ ધર્મ પ્રગટ થવો જોઇએ એવો ભાર મૂકયો.

૪) માનવની વિકસતી ચેતનામાં ત્રણ તબકકાઓ તેણે માન્ય કર્યા.

અ) ભૌતિક જીવનમાંજ ખૂંચેલી અણઘડ, અજ્ઞાની ચેતનાવાળા લોકો જેમને માટે વ્રત વૈકલ્પો, ઉત્સવો કર્મકાંડો આવી ભૌતિક તરકીબો રચી તેમને અધ્યાત્મ તરફ વાળવાનો પ્રયત્ન કર્યો. તાંત્રિકો આને પશુકોટિનાં સાધકો કહે છે.

બ) વધારે બુદ્ધિ, પ્રાણ અને નૈતિકતા વિકસાવેલી ચેતનાવાળા લોકો જેમને માટે ઉપસનાની વિવિધ પદ્ધતિઓ (જય,તપ વગેરે) અપનાવવામાં આવી ગૂઢપ્રતીકો યંત્ર, મંત્ર રચવામાં આવ્યાં. તાંત્રિકો આને વીર કોટિના સાધકો કહે છે.

ક) સાચાં આધ્યાત્મિક સત્યોને ઝીલી અંતિમ સત્ય તરફ વળવા તત્પર ચેતના વાળા લોકો જેમના માટે ઉપનિષદ-વિદ્યાઓ આત્મવિદ્યાઓ- રચવામાં આવી પ્રેમ, કરૂણા, આત્મદૃષ્ટિ વગેરે દૈવી-ગુણો વિકસાવવાનું કહેવામાં આવ્યું આમને તાંત્રિકો દેવકોટિના સાધકો કહે છે.

આંતિરક આવાહન મળેલો સાધક પસંદ કરાએલો યોગી હોય છે, તે યોગ કરવાજ જન્મેલો હોય છે. તેમાં પણ ક્ષમતા-ભેદ અને સ્વભાવ-ભેદ સ્વિકારેલા છે. તેથી આવા યોગીની પણ દરેકની ઈષ્ટદેવતા (પસંદ સ્વરૂપ) અલગ અલગ હોય છે. તે પસંદ સ્વરૂપ દ્વારા જ તે યોગી આધ્યાત્મિક સારતત્વ તરફ આગળ વધે છે. આવા યોગીએ ફકત પ્રભુને જ જાણવાનાં નથી પણ જગત અને જીવનને પણ જાણવાનાં હોય છે કારણ અંતે તો તેણે પ્રભુને જીવનદ્વારા પ્રગટ કરીને આ જગતમાં પણ પ્રગટ કરવાનાં હોય છે. શાસ્ત્રો આ હેતુથીજ રચાએલાં છે. સર્વોચ્ચ અને અંતિમ અધ્યાત્મ જ્ઞાનને ગીતા 'ગુહયતમં શાસ્ત્રમ્' કહે છે તે આ અર્થમાં જ. ધર્મશાસ્ત્રમાં મહાકાવ્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ઈતિહાસતો છે જ સિવાય ઐતિહાસિક ઘટના પાછળ સૂક્ષ્મ જગતમાં થએલી ઘટનાઓ પણ જણાવેલ છે આ ઘટનાઓ ભૌતિક ઘટના થયા પહેલાંજ સૂક્ષ્મ જગતમાં બનેલી હોય છે તે જુની થએલી ઘટના છે તે અર્થમાંજ તેને 'પુરાણ' કહે છે.

ભાગ્યે જ કોઇ આવો ધર્મ હશે જે આટલા સુવ્યવસ્થિત અને વિશાલ પાયા ઉપર સમગ્ર પ્રકૃતિને આધ્યાત્મિક કરી પેલા અસીમ ચેતનાને અનુરૂપ ઘાટ

(અનુ.પાના નં.૩૦ ઉપર)

# સાવિત્રી-સાર

પ્રકરણ - ૮૧

A low..... costly prize

(Savitri B-1, C-3, P 30-31)

## દિવ્યાનંદનો સાદ

અશ્વપતિ 'આત્મદૃષ્ટિ' ખીલવવામાં મશગૂલ હતાં. કાળની ગતિ અનુસાર એકથી એક ઉચ્ચ-શિખરો સર થતાં હતાં. સંઘર્ષમાં પણ સાફલ્ય હતું.

કાળની અક્ષય અને અખંડ ગતિ આગળ વધી રહી હતી અને અશ્વપતિને એમ લાગતું હતું કે કાળનાં ભવિષ્યકાળમાં તો સનાતન કાળ હતો. તેનાં કોઈ વિભાગ નહોતા પણ એક જ અખંડ અને અભેદ કાળ હતો અને જેમ જેમ તે ધીમે ધીમે સરકતો વર્તમાનકાળ પાસે પહોંચતો હતો, તેમ તેમ તેમાં ધ્રુજારી અનુભવાતી હતી. પ્રત્યક્ષ કાર્ય શરૂ થશે એવા ભાવનો એ ધ્રૂજારો હતો અને જ્યારે તે ભવિષ્યકાળ વર્તમાનકાળની પાતળી રેખાને સ્પર્શતો હતો કે તરત તે અખંડ અભેદ કાળનાં કણે કણ ભૂકો થઈ ખરી પડવા લાગતાં અને તેનું રૂપાંતર વર્તમાનકાળની એક એક પળમાં થતું હતું. કાળનો કણ એ જીવનની પળ બની જતી હતી. તે ચેતનાની ક્ષણ બની જતી હતી.

શ્રી અરવિંદ આ પ્રતીકને એક જ વાક્યમાં પ્રગટ કરે છે.

In every hour loosed from the quiver of Time.

Time નો આદ્યાક્ષર કેપિટલ કરી શ્રી અરવિંદ અભેદ, અખંડ સનાતનકાળ દર્શાવવા માગે છે.

અશ્વપતિને જીવનની દરેક પળ અવનવી આધ્યાત્મિક-શોધોનું નજરાણું પેશ કરી રહી હતી અને સહજ રીતે મળતા આ યશને અશ્વપતી આનંદથી માણી રહ્યો છે. દરેક નવાં સત્યની પ્રાપ્તિ તેને જગન્માતાની પરમકૃપા અને પ્રસાદી સ્વરૂપ લાગે છે. તેને પોતાની ક્ષમતાનો અને પરિશ્રમનો પરિણામ નથી ગણતો. અહંકાર તો ઓળતો જ જઈ રહ્યો છે. ક્ષીણ થતો જ જઈ રહ્યો છે. અને એક શોધ પૂરી થતાં જ અશ્વપતિનો આધ્યાત્મિક ઉત્સાહ અને પ્રસન્નતા નવા પ્રયોગો તરફ વળતો હતો. શ્રી અરવિંદ નવા પ્રયોગને 'young Experiment' એવું કાવ્યાત્મક નામ આપે છે.

ખરેખર અશ્વપતિ માટે દરેક દિવસ એટલે એક આધ્યાત્મિક રોમાંચનો દિવસ બની રહ્યો હતો. સૂક્ષ્મ જગતનાં એવા પાસાનો તેને અનુભવ થતો જે હજી સુધી ધ્યાન બહાર રહી ગયું હતું અને તેથી તે જગત તરફ જોવાના દૃષ્ટિકોણમાં ધરમૂળથી તફાવત પડી જતો હતો. અશ્વપતિને તો એમ જ લાગતું હતું કે જાણે તે કોઈ નૂતન જગતમાં જ ન જન્મ્યો હોય. અને તેની અદ્‌ભૂત રચના અને પ્રકાશથી તો તે દિંગમૂઢ બની જતો હતો. શ્રી અરવિંદ આ બધાનું વર્ણન કરતાં લખે છે કે

There rose a song of new discovery,
A bow - twang's hum of young experiment
Each day was a spiritual romance,
As if he was born into a bright new world.

અશ્વપતિને એવું લાગવા લાગ્યું હતું કે જગતમાં તેના બધા મિત્રો જ છે. સહકારી જ છે તેને માટે બધા જ ‘સુસ્વાગતમ્’ કહેવા ઊભા છે દરેક સાહસ તેને નવા મિત્ર આપતું હતું. અશ્વપતિ સાચા અર્થમાં ‘વિશ્વામિત્ર’ બની ગયો હતો. તે સમગ્ર વિશ્વનો મિત્ર હતો અને સમગ્ર વિશ્વ તેનું મિત્ર હતું. વળી મિત્ર પણ કેવો ? અજાણ્યો મિત્ર અનપેક્ષિત રીતે મળેલો મિત્ર, અશ્વપતિ જિંદગીમાં પહેલીવાર મળતો પણ ચિર-પરિચિતનો જ ભાવ તેના મનમાં જાગતો

આ આત્માની આત્માને ઓળખાણ હતી. આ આત્મદૃષ્ટિની કમાલ હતી. આ અશ્વપતિની વિશ્વામિત્રી ભાવના હતી. પણ અન્યલોકોને અશ્વપતિ ઉપર સંકટો આવેલા છે, એવું જ બાહ્ય દૃષ્ય સર્જાતું હતું, પણ અશ્વપતિને લોકો જેને સંકટ કહેતો તે દ્વારા પણ તેને તો તીવ્ર આનંદની છોળો ઉડતી લાગતી હતી. જગન્માતા જાણે અશ્વપતિને પાપા પગલી કરવા શિખવતા હોય તેવો જ અશ્વપતિનો શિશુભાવ રહેતો. જીવનમાંની દરેક ઘટના દ્વારા અશ્વપતિની આત્મદૃષ્ટિને તેની પાછળનો દિવ્ય-ઉદેશ તરત જણાતો અને તે દિવ્ય-ઉદેશની પૂર્તિમાં જ તેને રસ જાગતો.જીવનમાં ગહન સત્યોનો તેને અનુભવ આવતો.

શ્રી અરવિંદ જણાવે છે કે

Adventure leaped an unexpected friend,
And danger brought a keen sweet tang of Joy:
Each happening was deep experience.

અશ્વપતિ સામે અચાનક દિવ્ય-આત્માઓ, વિભૂતિઓ, દેવો-દેવીઓ પ્રગટ થતાં અને તેમની હાજરી અને સ્વરૂપ જ પોતાની મળે તેમના દિવ્ય-કાર્યની

ઓળખાણ આપતું. તેમનો સહકાર મળતો તેમનું કાર્ય પોતાના સ્વરૂપમાં કેવી કેવી રચના કરી રહયું છે તેનું જ્ઞાન અશ્વપતિને થતું શ્રી અરવિંદ આ બધું બે જ શબ્દોમાં પ્રગટ કરે છે 'High encounters'

ઘણી વખત આવા સ્વરૂપો અશ્વપતિ સામે પ્રગટ થતાં ન હોતાં પણ તેમનો મધુર દિવ્ય ઉપદેશની અખંડ ધારા અનેક ઘટિકાઓ સુધી તેને સિંચતી હોય એવું અશ્વપતિને લાગતું આવી ચમત્કારી ઘટનાને શ્રી અરવિંદ બે જ શબ્દો દ્વારા પ્રગટ કરે છે - Epic colloquies. Epic  એટલે મહાકાવ્ય અને colloquies એટલે સ્વગત બોલવું અશ્વપતિને એમ જ લાગતું કે પોતાનો જ એક ભાગ બોલી રહ્યો છે, બીજો સાંભળી રહ્યો છે તેથી તેને તે સ્વગત - પોતપોતાનું બોલવા સ્વરૂપ જ લાગતું. ઘણી વખત અશ્વપતિને ભાન થતું કે આ પોતાનો અંતરાત્મા પોતાને જ ઉપદેશ નથી આપી રહ્યો પણ કોઈ અદૃશ્ય દિવ્ય આત્માનો આ અમૃતમય ઉપદેશ હતો. કરૂણા ભાવે તેઓ ખેંચાઈ આવ્યા હતાં.

શ્રી અરવિંદને ભગવાનશ્રી કૃષ્ણે અને વિવેકાનંદે આ રીતે કેદમાં ઉપદેશ આપેલો વેદાધ્યાન વખતે તેમની સામે અગ્નિ સાથે ભારતી, સરસ્વતી અને ઈલા આ ત્રિ-દેવી પ્રગટ થએલાં.

શ્રી અરવિંદ લખે છે કે

There were high encounters, epic-coloquies,
And counsels came couched in celestial speech.

ઘણી વખત અશ્વપતિ સામે કોઈ આત્મા પ્રગટ થતો નહિ અરે કોઈ શબ્દો પણ સંભળાતા નહિ છતાં અશ્વપતિને કોઈકની ગૂઢ હાજરી જણાતી ફકત હાજરી. અને જાણે કોઈનો ભારે શ્વાસોચ્છવાસ અને તેમાંથી પ્રગટતી મધુર મધુર વિનંતિ- આગળ વધવાની. જાણે સતત પ્રેરણા આપતી હતી ચરૈવેતિ.... ચરૈવેતિ.... તે જાણે સતત આર્જવભરી સલાહ હતી. દિવ્યાનંદને પ્રાપ્ત કર્યા વગર થોભીશ નહિ. થોભીશ નહિ. તેની પુકાર સાંભળ. તેને જ જવાબ આપ. તે જ તારું લક્ષ્ય છે અંતિમ લક્ષ્ય ... અરે ... તે જ તો છે પ્રભુનું પણ લક્ષ્ય પોતાના જ આત્માનંદને પોતે જ માણવાનો આ પ્રભુની જ ઈચ્છા છે તેની જ તમન્ના છે પ્રભુનું કાર્ય છે તે કાર્ય માટે જ તું જન્મ્યો છે તે માટે જ તે પણ અજાણતા આ તપશ્ચર્યા કરી છે તે માટે જ અમે બધા પણ તને મદદ કરી રહ્યાં છે બધાની એક જ ઈચ્છા છે.

'પ્રભુ તારું કાર્ય પૂર્ણ થાઓ'

શ્રી અરવિંદ લખે છે કે

And honeyed pleadings breathed from occult lips
To help the heart to yield to rapture's call.

અને જ્યારે અશ્વપતિ આ સાચા અને દિવ્ય ઉપદેશને-પ્રરેણાને-હાજરીને-પોતાના હૃદયની અભીપ્સા બનાવી લેતો હતો ત્યારે તે દિવ્ય-સુંદરતાના જગતમાંથી તે સત્યમ્-શિવમ્-સુંદરમ્ માંથી - સુંદરતાની મોહક લહેરકીઓ આવતી તે અનુભવતો, અને તેને જગતમાંની દરેક વસ્તુ અને વ્યકિતમાં પ્રભુનું જ સૌંદર્ય ઝરતું લાગતું. બધું જ મધુર મધુર લાગતું જાણે મધુરાષ્ટક ગવાતું ન હોય જાણે મધુ સુકતની છોળોન ઉઠતી હોય !

અને આવાં મધુર ભાવો એવી સૌમ્ય અને સંથ ચાલે હળવાશથી તેના હદયમાં પ્રવેશતાં કે જાણે કોઇ ચિત્તચોર ન પ્રવેશી ગયો હોય.

અને આ સૌંદર્ય પાછળ ધીમે ચાલે દિવ્ય-આનંદ પ્રગટ થતો, આનંદ જયારે આધારમાં અવતરણ પામે છે - મન,પ્રાણ શરીરમાં ઝરે છે ત્યારે તે સુંદરતા તરીકે જ પ્રગટ થતો હોય છે - સુંદર વિચાર, સુંદરભાવ અને ભૌતિક સુડોળતા !

અને અશ્વપતિનાં મનપ્રાણ શરીર લુબ્દ ભ્રમરોની જેમ તે દિવ્ય-આનંદના અવતરણમાં મગ્ન થઇ જતાં સ્થિર થઇ જતાં અથવા નાના નિષ્પાપ બાળકોની જેમ તેના કોષે કોષ કીકીયારીઓ ભરતાં અશ્વપતિ રોમાંચથી સ્તબ્ધ બની જતો - સ્તબ્ધો ભવતિ મતો ભવતિ

અરે આ તો આનંદમય જગતું અવતરણ હતું આનંદની અખંડ વર્ષા હતી. પ્રભુનો પ્રથમ વિજય હતો.

તેથી શ્રી અરવિંદ કહે છે કે

And sweet temptations sfole from beauty's realms
And sudden ecstasies from a world of bliss.

---

(પાના નં.૨૭નું આગળ)

તે સ્વરૂપ, સગુણ, કાળથી મર્યાદિત, સાકાર બની જાય છે. આવી રીતે તેની બન્ને શકિતઓ-વિદ્યા અને અવિદ્યા સત્ય જ છે અને તે સત્ય સમજીને જ તે બન્નેનો વિવેકથી યોગ્ય જવાબ આપવો જરૂરી છે.

પરા પ્રકૃતિ એ વિદ્યા છે. અપરાપ્રકૃતિ એ અવિદ્યા છે. પ્રભુ બન્નેનો સાથે જ ઉપયોગ કરીને આ જગતનું સંચાલન કરતાં હોય છે.

# પત્રોત્તર
## સ્વરૂપની ભૂમિકાઓ
પ્રકરણ - ૧
## ચેતનાનું સ્વરૂપ

(યોગ પર પત્રો. ભા.૧ - પેજ ૨૫૯ થી ૨૬૨)

માનવ માનસિક સ્તરે જ જીવે છે. પોતાના સ્વરૂપમાંની અલગ અલગ ભૂમિકાઓ અને વિભાગોને સમજતો ન હોવાથી તે બધાને પોતાનું 'મન' તરીકે ઓળખે છે. તેને તે સમજવામાં ઊંડો રસ પણ નથી કારણ તે જ્ઞાન તેને તેના વ્યવહારિક-જીવનમાં અગત્યનું અને ઉપયોગી લાગતું નથી. તે શરીરને મહદંશે પોતાનું સ્વરૂપ ગણે છે.

શાસ્ત્રોમાં શરીરને ભોગાયતન કહ્યું છે. આયતન એટલે સાધન અથવા કાર્ય કરવાનું કાર્યક્ષેત્ર. ભોગ એટલે સુખ-દુઃખ વગેરે અનુભવો. તંત્રમાં શરીરને 'આધાર' ગણ્યો છે. તે ચેતનાની ઉત્ક્રાંતિનો પાયો છે. તેના આધારે ચેતના વિકસે છે. જયાં સુધી ભૌતિક શરીર છે ત્યાં સુધી જ ચેતનાનો વિકાસ થાય છે. તેથી ભૌતિક જીવનને કર્મ-યોનિ કહી છે તેમાં કર્મો અને પ્રયત્નો કરીને ચેતનાનો વિકાસ સાધી શકાય છે.

પણ જેમ મોટર-ચાલકને મોટરનું તાંત્રિક જ્ઞાન હોવું જરૂરી છે. તેનો પ્રત્યેક ભાગ શું કામ કરે છે ? કેવી રીતે કરે છે ? બરાબર ન કરે તો કઇ સમસ્યાઓ નિર્માણ થાય છે? તે જાણવું જરૂરી છે. તેમ શરીર રૂપી આ ચેતના ના વાહન બાબત પણ જો ખરેખર યોગ-નિર્વિઘ્ન રીતે કરવો હોય તો જાણી લેવું જરૂરી છે.

આધુનિક વિચારવંતોને લાગે છે કે ચેતના એટલે બાહ્ય અથવા આંતરિક પરિસ્થિતિ પ્રત્યે પોતાનો પ્રત્યાઘાત દર્શાવે છે તેવું તત્વ. પણ આનો અર્થ એવો થાય કે જયારે ચેતના કોઇ પ્રત્યાઘાત દર્શાવતી જ નથી ત્યારે ત્યાં હોતી જ નથી પણ આ તો આપણા દૈનંદિન જીવનનાં નીચેના અનુભવોથી વિરૂધ્ધ જાય છે.

૧) ગાઢ સુષુપ્તિમાં આપણી ચેતના સ્વલિન હોય છે. કોઇ પ્રત્યાઘાત દર્શાવતી નથી પણ તે આનંદનો અનુભવ લેતી હોય છે.

૨) નિરવ મનમાં મનના કોઇ પ્રત્યાઘાતો હોતા નથી.

૩) સમાધિમાં મન,પ્રાણ, શરીર ત્રણેનાં પ્રત્યાઘાતો હોતા નથી.

૪) માનવ અસીમ વિશ્વ ચેતનામાં આરોહણ કરે છે ત્યારે તે ચેતના તદ્દન નિર્લેપ અને અસંગ, પ્રત્યાઘાત ન દર્શાવતી લાગે છે છતાં ચેતનાનો પ્રત્યક્ષ અનુભવ માનવને થાય જ છે.

સારાંશ ચેતના કોઇ વસ્તુ ઉપર આધાર રાખતી નથી. તે સ્વંતત્ર અસ્તિત્વ ધરાવે છે. તે સક્રિય જ હોય છે, પ્રત્યાઘાત જ દર્શાવતી હોય છે, તેમ પણ નથી. તે નિષ્ક્રિય અને સ્વસભાન હોઇ શકે છે આપણા બાહ્ય મનને તે જણાતી ન હોય તો પણ અસ્તિત્વ તો ધરાવે જ છે.

ચેતના ફકત સભાન જ નથી પણ તે એક સર્જનાત્મક શકિત છે. પોતાના આવિર્ભાવ માટે તે સર્જનો કરે છે. તેમને વિકસાવવા આયોજન કરે છે. આવા આયોજન ના પરિણામ સ્વરૂપ જ ઉત્ક્રાંતિ થતી હોય છે.

ચેતનાનો જે જ્ઞાનમય ભાગ આ આયોજન કરે છે તેને જ પ્રજ્ઞા કહેવાય છે. તે સર્વજ્ઞ છે. તેનું આયોજન પૂર્ણ અને સફળ જ હોય છે. પણ તે ઉત્ક્રાંતિ દ્વારા જ પોતાનું આયોજન સફળ કરે છે, એ તેણે પોતે જ પોતાની માટે સ્વેચ્છાએ સ્વીકારેલી મર્યાદા અને ધારાધોરણ છે. આમ ચેતના સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે તેથી સત્ સ્વરૂપ છે તે પોતાના આવિર્ભાવ માટે આયોજન કરે છે તેથી ચિત્-સ્વરૂપ છે (એક સર્જન-શકિત છે) અને તેના આ આયોજનનો ઉદ્દેશ પોતાનો આંતરિક અવ્યકત આનંદ વ્યકત થાય તે છે તેથી તે આનંદ સ્વરૂપ પણ છે.

તે સત્-ચિત-આનંદ સ્વરૂપ છે, આધુનિક વિચારવંતો મનને અને ચેતનાને એકરૂપ જ ગણે છે. ખરેખર મનોમય-ચેતના એ સમગ્ર ચેતનાના વિવિધ સ્તરોમાંનુ એક સ્તર માત્ર છે. પણ તે જ હાલમાં માનવ દ્વારા વધારે પ્રમાણમાં પ્રગટ થતું હોવાથી આવી ગેરસમજ થવી શક્ય છે. મનની ઉપર પણ ચેતનાના સ્તરો છે, જે સ્તરે મન પહોંચી જ શકતું નથી (યન્ મનસા ન મનુતે)

મનોમય ચેતના માટે આવા અજાણ પ્રદેશો ઉપર પણ છે અને નીચે પણ છે ઉપરના સ્તરોને આપણે અક્ષર ચેતના અધિમનસ અને અતિમનસ ચેતનાના સ્તરો કહીએ છીએ. નીચેના સ્તરોને અવચેતન અને અચેતનનાં સ્તરો. ગૌતમ બુદ્ધ જે ચેતનાને શૂન્ય કહેતા તે જ ગીતાની અક્ષરપુરૂષની ચેતના છે. તે નિરાકાર અને અસીમ હોવાથી શૂન્ય જેવી ભાસે છે. વેદોમાં તેને'તત્' કહે છે. સાક્ષી પુરૂષ, દૃષ્ટા, વગેરે શબ્દોથી વર્ણવે છે તેની ઉપરની ચેતનાને અતિમનસ ચેતના કહે છે, તેને વેદો વિજ્ઞાનમય ચેતના કહે છે અથવા 'ઉપરિબુધ્ન' ચેતના કહે છે.

તેને પરા-ચેતના પણ કહે છે અધિમનસ એ મનોમય ચેતનાનો સહુથી ઉપરનો સ્તર છે જે હજી માનવી મનોમય ચેતનામાં પ્રગટ થએલ નથી. માનવી મન તર્ક-બુદ્ધિના સહારે જીવનનાં નિર્ણયો લે છે પણ અધિમનસ કક્ષાએ આંતરપ્રેરણા દ્વારા નિર્ણય લેવાય છ. આંતરપ્રેરણા દ્વારા નિર્ણય લેવાય છે. આંતરપ્રેરણા સદા સત્ય જ હોય છે. તેથી સંચાલિત જીવનમાં ભૌતિક તત્વ પણ દિવ્ય અને અવિકારી હોવાથી આ દૈવી-સત્યો જન્મમરણ ની પ્રક્રિયાથી બંધાએલાં હોતા નથી. ફકત આત્માના પ્રકાશમાંથી જ પોષણ મેળવે છે (દેવાઃજયોતિઃઅશુમહિ) તેથી તેમનું સામર્થ્ય અગણિત હોય છે. તેઓ પરમ-ચેતનાના આયોજનથી માહિતગાર હોય છે અને તેને અનુસરી જગતના વિકાસમાં મદદરૂપ થતાં હોય છે તેથી વેદો તેમને 'વિશ્વદેવો' કહે છે વિશ્વના વિકાસનું સંચાલન કરનાર દેવો તરીકે વર્ણવે છે

ચેતનાની વૈશ્વિક અને વ્યકિતગત બન્ને કક્ષાઓ હોય છે. ચેતના અવ્યકત અને વ્યકત પણ હોય છે. તે સક્રિય અને નિષ્ક્રિય પણ હોય છે. તે સાકાર અને નિરાકાર પણ હોય છે. તે બહુસ્તરીય વાસ્તવિકતા છે. તે એક શકિત પણ છે અને અસ્તિત્વ પણ છે.

## તપનો મહિમા

તપનો પણ એક અદ્દભૂત અને અવર્ણનીય આનંદ હોય છે. સહેજે સહેજે આનંદની ભૂમિકામાંથી થયેલું તપ તેજસ પ્રગટાવે છે. આપણા સ્વનો પરિચય કરાવે છે. આપણી શક્તિઓની કસોટી દ્વારા એ આપણને પોતાનું જ દર્શન કરાવે છે.

તમે કોઈપણ સ્વાદને કે કોઈપણ એક મનગમતાં ભોજનને ન લેવાનું નક્કી કરો છો અને જ્યારે એ જ ભોજન તમારી સામે ધરવામાં આવે ત્યારે તમે જો મન પર કાબુ રાખીને એનો તમે સ્વીકાર જ ન કરો ત્યારે તમારી ચેતના કંઈક અવર્ણનીય અનુભવ તમને કરાવી જશે. આવા અનુભવ કરતા કરતા તમે તમારી મૂળ પ્રકૃતિ અને ચેતનાને ઓળખી શકશો.

**- ભૂપેન્દ્ર ત્રિવેદી**

# અતિમનસ - સાધના

## અધિમનસ અને અતિમનસ

પ્રકરણ - ૩

(સુંદરમ્ કૃત ભાષાંતર અતિમાનસ - પેજ ૪૪-૬૦ ઉપર આધારિત)

શ્રી અરવિંદે ''આર્ય'' માસિકમાંની લેખમાળામાં અધિમનસ ચેતનાનો ઉલ્લેખ જ કર્યો નથી. તે બાબત તેમને પૂછતાં તેમણે જણાવેલું કે ત્યારે તેમને અધિમનસ એ અતિમનસની જ નીચલી કક્ષા કે ભૂમિકા છે એમ લાગતું હતું. તે વખતે એમ લાગતું હતું કે અતિમનસનો આ નિમ્ન પ્રદેશમાં જગતનાં ભેદોને નિર્માણ કરવાની ભૂમિકા બંધાયેલી છે. પણ આ ભેદબુદ્ધિ જ અજ્ઞાન નિર્માણ થવાનું કારણ બનવાથી અતિમનસમાં પણ બીજરૂપે અજ્ઞાન રહેલ છે. એમ માનવું પડે અને તેમ માનીએ તો તેને પ્રભુની નિજ-શક્તિ તરીકે સ્વીકારી ન શકાય. બીજું, શરીરમાંના અચિતને જીતવાનાં પ્રસંગે અધિમનસ શક્તિ વિફળ જાય છે. આ અનુભવથી પાછળથી સમજાયા બાદ અધિમનસને અતિમનસના નિમ્નભાગને બદલે મનના પ્રદેશનો સર્વોચ્ચ ભાગ તરીકે શ્રી અરવિંદને સ્વિકારવું પડ્યું. તેથી અધિમનસ અને અતિમનસનો ભેદ પાછળથી પાડેલો જણાય છે.

તેથી શ્રી અરવિંદ જે દિવ્ય-સૃષ્ટિઓ છે, સનાતન સૃષ્ટિઓ છે તેને અતિમનસ સૃષ્ટિ તરીકે ગણે છે. તેના નીચે જ લગતની જે સૃષ્ટિઓ છે તેને તેઓ અધિમનસ સૃષ્ટિ કહે છે. અધિમનસ વિશ્વ-શક્તિઓની સૃષ્ટિ છે. ત્યાં વિશ્વ-શક્તિઓ વ્યક્તિ-સ્વરૂપો લઈને પણ રહે છે. અર્થાત આપણે ફક્ત શક્તિને અનુભવી શકીએ છીએ. પણ જોઈ શકતા નથી પણ ત્યાં તેમને વ્યક્તિ-સ્વરૂપે પણ જોઈ શકાય છે.

ભૂતકાળમાં ઘણા મહાન ઋષિઓ પણ અધિમનસ કક્ષા સુધી જ પહોંચેલા પણ તેની પ્રચંડતા જોઈને તેને જ ઈશ્વર માની બેઠા. થોડાક જ એવા ઉલ્લેખો છે જ્યાં તેમને આ દૈવી-શક્તિઓની પાછળ મૂળ દિવ્ય-શક્તિ રહેલી છે. એની ખાતરી થએલ છે. દા.ત. ઉમા હૈમવતી આખ્યાનમાં આવો સ્પષ્ટ ભેદ દર્શાવેલો છે.

શ્રી અરવિંદ અધિમનસને બ્રહ્માનો પ્રદેશ ગણે છે. તેમાં સૃષ્ટિ સર્જનની ક્ષમતા છે. આ દેવો પુરેપુરા સત્ય-ચેતનામાં નથી રહેતા તેઓ ફક્ત ઋતુ-ચેતનાના સંપર્કમાં હોય છે.

સારાંશ અધિમનસના દેવો અતિમનસ-શક્તિના વિવિધ પાસા સ્વરૂપ છે. દરેકે એક એક પાસાને ધારણ કરેલ છે. અન્ય પાસાઓને ત્યાગેલ છે. તેથી તેઓ આંશિક સત્યના ધારક છે. પૂર્ણ સત્યના નહિં.

અત્યાર સુધી અતિમનસ શક્તિએ જગત ઉપર સીધે સીધું કામ કરેલ નહોતું. તે અધિમનસ દ્વારા જ કામ કરતી હતી. તેને કારણે જ અજ્ઞાન અને અચિત્ જગતમાં ટકી રહ્યાં છે.

સારાંશ અધિમનસ ઉર્ધ્વ અને નિમ્ન જગતો વચ્ચેનો સીમાપ્રદેશ છે પૂર્ણયોગ અને પુરાતન યોગ વચ્ચે આ મૂળભૂત તફાવત છે. બધા યોગો અધિમનસના સત્યને પ્રાપ્ત કરવા મથે છે. જ્યારે પૂર્ણયોગ અતિમનસ સત્યનો સાક્ષાત્કાર કરવાની નેમ રાખે છે.

અતિમનસ સાક્ષાત્કારથી સાધકમાં એક પ્રકારની ખાસ અતિમનસ નમ્રતા આવે છે. અતિમનસ નમ્રતા એટલે ગમે તેવો મોટો કે ઊંચો કે તીવ્ર સાક્ષાત્કાર આવે છતાં સાધકને એવું જ લાગે છે કે હજી તેને ઘણાં ઉર્ધ્વ-સાક્ષાત્કારો કરવાના બાકી છે. જે મેળવ્યું છે તે પાશેરીમાં પહેલી પૂણી જેવો અલ્પ ભાગ માત્ર છે. અહંકારના નાશને કારણે આવી વૃત્તિ જન્મે છે. તેને કારણે અન્યોના સાક્ષાત્કારોને પણ તે યોગ્ય માન આપે છે.

પ્રભુ પોતે પરમ-પૂર્ણ હોવા છતાં કેવા તો નમ્ર છે. તેઓ પોતાની મહત્તા ક્યાંય દર્શાવવા માગતા નથી. તેમના જેવી નમ્રતા તો કોઈમાં પણ નહિ હોય. પોતે બધું જ છે છતાં પોતાની પ્રશંસા કરતા નથી. પ્રભુની અનંતતા પ્રત્યેનો અનંત પ્રવાસ સાધકે ખેડવાનો હોય છે. તેથી નમ્રતા અનિવાર્ય બની જાય છે.

આ નમ્રતાને કારણે જ સાધક અંતે છેડાના ભૌતિક-શરીરને પણ રૂપાંતર કરીને દિવ્ય બનાવી દે છે.

આવા દિવ્ય-શરીરમાં અતિમનસ-નમનીયતા હશે. શ્રી અરવિંદે અતિમનસ દેહનાં ચાર લક્ષણો કહ્યાં છે.

૧ વજન વિરહીતતા

૨ સાનુકૂળ થવાની ક્ષમતા

૩ નમનીયતા અર્થાત આકાર બદલવાની ક્ષમતા

૪ તેજોમયતા

અતિમનસ શરીરમાં ભારેપણું નહિ હોય. જાણે હવામાં ચાલતું હોય એવી હલકાશ હશે. બીજું તે ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ તે પરિસ્થિતિને અનુરૂપ પોતામાં ફેરફાર કરી નાખશે. કારણ તેમાંની અચેતનતા અને જડતા નષ્ટ થઈ ગએલી હશે.

ત્રીજું લક્ષણ છે નમનીયતા. નમનીયતા એટલે તેનું સ્વરૂપ કઠોર અપરિવર્તનશીલ નહિં રહે. પણ સંકલ્પાનુસાર બદલી શકાશે. નમનીયતાનો એક ઊંડો પણ અર્થ છે. તેનો અર્થ છે અદિવ્ય તત્વો તેને ભેદી શકશે નહિ. તે તેને હાનિ પહોંચાડ્યા વગર આરપાર નીકળી જશે અથવા તેને શૂન્ય બનાવી દેશે. તેને પોતાને કોઈ હાનિ નહિં થાય. તે ખૂબજ મુલાયમ હશે. ચોથું લક્ષણ છે તેજોમયતા. શરીરનાં બધા જ કોષો તેજોમય બની જશે. તેમાંથી તેજ બહાર પડશે. આંતરિક તેજોમયતા ધારણ કરશે અને આ તેજોમયતા સામાન્ય માનવ પણ જોઈ શકાશે. રૂપાંતર થયાની તે નિશ્ચિત નિશાનીરૂપ હશે.

આવી રીતે શરીરનું સર્વાંગી રૂપાંતર તે શરીરનો પૂનર્જન્મ હશે. તેને આધ્યાત્મિક પુનર્જન્મ કહી શકાય. અવચેતન, અચેતન સંપૂર્ણ રીતે ખરી પડ્યાં હશે. સંચિત કર્મો નષ્ટ થઈ જશે. બધી ભૂલો, નબળાઈઓ ખરી પડશે. આનંદમય મુક્તિ મળશે. કર્મ બંધનમાંથી કાયમી મુક્તિ મળશે. અંતરાત્માનું સદાને માટે ભાન થશે. જીવનમાં હરક્ષણે નાવિન્યતા જણાશે.

આ ભૂમિકા ઉપરથી અતિમનસ-સાક્ષાત્કાર પહેલા જ સાધક અતિમનસ તત્વ સાથે પ્રાસંગિક રીતે સંપર્કમાં આવતો થાય છે અને તેને લીધે તેની અતિમનસ વિષેની સાચી ખોટી અથવા અધુરી ધારણાઓ બંધાય છે. અતિમનસજ્ઞાનનો અર્થ અહિં અતિમનસ તત્વ સાથે પૂર્ણ એકરૂપ થઈ તે બાબતની કાયમી સભાનતા પ્રાપ્ત કરવી એવો છે. આ જ્ઞાન હોય તો અતિમનસ સાક્ષાત્કારનું સ્વરૂપ વધારે સ્પષ્ટ રીતે સમજાય છે.

પરમ-ચેતના બહુ સ્તરીય વસ્તુ છે. એક એક સ્તર જાણે સીડીનું એક એક પગથિયું છે. સમર્થ અવતારો પ્રગટ થઈને કાયમ આવાં નવા પગથિયાનો ઉમેરો ભૌતિક સ્તરે કરે છે. વિભૂતિઓ તે સ્તરના આવિર્ભાવમાં પૂર્ણતા લાવે છે.

સાચી આધ્યાત્મિકતા એ છે કે પાછલાં બધા જ સ્તરોને સાંકળીને જ નવા

નવા સોપોનો ચડતા જવા. ભૂતકાળના સોપાનોને છોડી ન દેવા. અને અંતે આ ચેતનાની સીડી ઉપરથી સ્વેચ્છા મુજબ ચડવા ઉતરવાની ક્ષમતા કેળવવી. આવી અવસ્થાને પૂર્ણ-સાક્ષાત્કાર કહેવામાં આવશે. તેમાં સાક્ષાત્કાર સાથે પોતાનું વ્યક્ગિત રૂપ પણ ટકાવી રાખવામાં આવે છે. હાલમાં શ્રી અરવિંદ જે નવું સોપાન ઉમેરવા માગે છે તેને અતિમનસ કહે છે. તે ચેતનાને નીચે લાવવાનું ભગીરથ કાર્ય તેમણે ઉપાડેલું છે. નીચે લાવવું એટલે તેમાં બે વસ્તુ આવે છે.

૧ ઊર્ધ્વમાં રહેલ અતિમનસ સૃષ્ટિનું અનુભવસિદ્ધ જ્ઞાન મેળવવું.

૨ તેને ભૌતિક સ્તરે પ્રગટ થવા સક્ષમ કરવા અંતરિયાળ ભૂમિકાઓમાં સેતુ્ રચવો જેની મદદથી ભૌતિક સ્તરે તે સર્વાંગપૂર્ણ રીતે પ્રગટ થઈ શકે.

આ અવતારી કાર્ય શ્રી અરવિંદે કરેલ છે.

માતાજી આશ્રમના સાધકો જ્યારે તેમને પ્રણામ કરવા આવતા ત્યારે કોઈ કોઈને 'સફળ ભાવિ' નામનું પુષ્પ આપતા. તેનો અર્થ એમ કહેવાતો કે

૧ તે વ્યક્તિએ હવે અતિમનસ જગતમાં પ્રવેશ માટે સાધના કરવાનો તબક્કો આવી ગયો છે અથવા

૨ તેણે કરેલી સાધનાના પરિણામ સ્વરૂપે તેને હવે અતિમનસ જગતમાં પ્રવેશ મળવાની ખાતરી અપાય છે. આ બન્ને વસ્તુ અતિમનસના વ્યક્તિ સ્વરૂપમાં અવતરણ સિવાય શક્ય નથી.

અતિમનસ અવતરણ ત્યારે જ શક્ય બને છેજ્યારે સાધકનાં સ્વરૂપમાં હોએલ અતિમનસ તત્વ જેને વિજ્ઞાનમય કોષ કહે છે તે સક્રિય બનવા લાગે છે. સમાન વસ્તુ સમાન વસ્તુને અનુભવી શકે છે. જાણી શકે છે. તેથી સાધકમાંનો વિજ્ઞાનમય કોષ જ આ અવતરણની અનુભૂતિ કરાવે છે.

ઉત્ક્રાંતિમાં સમગ્ર જુના તબક્કાના પ્રાણીઓ નવા તબક્કામાં પ્રવેશતા નથી. જે તૈયાર હોય છે તે જ પ્રવેશે છે. બાકીના જુના તબક્કામાં જ રહી જાય છે. આજના વાનરો એ તેવા પ્રાણીઓ છે જે યોગ્ય પ્રગતિ ન કરવાથી માનવયોનિમાં પ્રવેશી શક્યા નથી.

જે લોકોમાં અતિમનસ શક્તિ સક્રિય બની હશે, તેઓના મન, પ્રાણ અને શરીરમાં ફેરફારો કરવામાં આવશે. આ ફેરફાર ને જ 'રૂપાંતર' કહે છે. રૂપાંતરિત સ્વરૂપો અતિમનસની હાજરી અનુભવી શકશે. અન્યો નહિં અનુભવે.

# સુંદર કથાઓ

### બાળ વિભાગ

## સરળ-જીવન

(સુંદર કથાઓ પેજ ૫૬, ૫૭)

અરબસ્તાનનો પ્રદેશ. તેના રણમાં કાલ્બ જાતિ રહેતી હતી. તે જાતિની એક યુવતી હતી. નામ મૈઝન. તેને મુકત પક્ષીની જેમ રણમાં ફરવું ગમતું. લોકગીત ગાવા ગમતા. તેનો કંઠ પણ મધુર હતો. કુદરતની તે શોખિન. રાતની ચાંદનીમાં તે આનંદથી ઝુમી ઉઠતી. તે નખશિખ સુંદર હતી. જાણે સ્વર્ગની અપ્સરા. પણ હતી ગરીબ.

ખલીફ મુઆવિયાએ તેને જોઇ  મોહી પડયો તેની ઉપર. લગ્નનો પ્રસ્તાવ મુકયો. મૈઝનનાં માતાપિતાને તો ખુબ આનંદ થયો. તેમને લાગ્યું, અમારી મૈઝન હવે રાણીનું સુખ ભોગવશે. ખલિફાને ત્યાં વૈભવનો પાર નહિ. હિરા-જવાહર, દાગ-દાગિના, રેશમી વસ્ત્રો, સુગંધી અતરો, મખમલી બિછાનાં, ખાવામાં સુકામેવાના ઢગલા. આપણી છોકરીને જોઇએ શું? ખલિફાની બેગમ તરીકેનું સન્માન તો વધારાનું જ. દાસદાસીઓ સેવામાં હાજર !

નિકાહ થયાં મૈઝન મહેલમાં આવી. થોડા દિવસ તો કૌતુકમાં ગયા પણ ધીમેધીમે રાજમહેલની ખટપટો, દગા-ફિસાદો સમજાવા લાગ્યાં, તેમ તેમ ઉદાસ થતી ગઇ.

એક દિવસ તેનું મન ભરાઇ આવ્યું. પોતાના કબિલાનું એક લોક ગીત પોતાના કમરામાં ગાવા લાગી તેમાં લોકોનો ભોળો નિખાલસ સ્વભાવ, સરળતા, સાદાઇ, સચ્ચાઇ, પરગજુપણું, પ્રેમ, ઉદારતા વર્ણવેલાં હતા. રોતી જાય અને ગીત ગાતી જાય !

ત્યાં તેના કમરાનો દરવાજો ધડામ કરીને ખોલ્યો ને ખલિફા આવ્યા. મૈઝન ગાવાનું છોડીને માન આપવા ઉભી થઇ, ખલિફા ગુસ્સામાં હતો,ગરજર્યો.

'' મૈઝન, મારા આબરૂની કાંઇ પડી છે કે નહિ ? તવાયફની જેમ ગાય છે ? શરમાતી નથી? દાસીઓ સાથે દોસ્તી કરી છે. તને રાજઘરાણાની રીત રસમ જ સમજાતી નથી !

મૈઝન તો આ અકલ્પિત આઘાતથી રોઇ પડી.

ખલિફાએ ત્રણ વખત તલ્લાક બોલી તેને છૂટા છેડા આપ્યા. બીજે દિવસે તેને તેના માતાપિતાને ત્યાં મોકલી આપી.

પોતાને ગામ આવીને તો મૈઝન ખૂબ જ સુખી થઇ. તે પોતાના કબિલાના સુખદુઃખોમાં સહભાગી થઇ. તેણે સરસ લોકગીતો લખ્યાં. તે પ્રખ્યાત કવયત્રી બની ગઇ. સાદા સરળ જીવનમાં જ સુખ હોય છે. વધારે પડતી વિલાસીતા દુઃખો લાવે છે. જીવનમાં જોઇએ શું? આરોગ્ય, બે ટંકના રોટલા, સુવા માટે પથારી, મનગમતું કામ અને કુટુંબનો પ્રેમ, પ્રભુની ભકિત હોય તો સોનામાં સુગંધ !

મમ્મી, અબોલ બની રહયાં.

'' મમ્મી, હું સાદુ સરળ જીવન જીવીશ, હું પ્રભુનો લાડકો બનીશ''

''પ્રોમિસ!''

''પ્રોમિસ મમ્મી''

# સાચો જન્મદિન

કાળના અનંત પ્રવાહમાં 'નવું વર્ષ' જેવું કશું જ નથી. આ દિવસ તો સેંકડોવાર આવે છે અને જાય છે. કાળના પ્રવાહમાં એ બધું ક્યાંય ભૂલાઈ જતું હોય છે. જે દિવસે આપણે પ્રભુને પામવાનો સંકલ્પ કર્યો હશે તે જ આપણો સાચો જન્મદિન ગણાવો જોઈએ. એ જ નવા વર્ષનો આરંભ છે. આપણા સાચા જીવનનો આરંભ છે. એ શુભ સંકલ્પનો દિન માનવના પોતાના જીવનનો સોનેરી દિવસ છે. જગતની સૌથી મોટી ઘટના આ જ છે. આપણે યુગોથી વહી આવતા આપણા એકધારા જીવનનો અંત આણીને દિવ્યજીવન જીવવાનો દૃઢ સંકલ્પ કરીએ. રૂપાંતર માટેનો આ એક એવો દિવસ હશે. જેની નોંધ તમારા હવે પછીના હજારો વર્ષો કે જન્મોમાં એ એક સીમાચિન્હ બની રહેશે. વિશ્વને માટે એ એક મોટો ચમત્કાર બની રહેશે.

૧.૧.૮૦ **- ભૂપેન્દ્ર ત્રિવેદી**

# રાષ્ટ્રીય કેળવણી

પ્રકરણ - ૨

## પ્રજ્ઞા જાગરણના પાયા : બ્રહ્મચર્ય

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ - પેજ ૬-૧૭)

શું આ પ્રજ્ઞાશક્તિને જાગૃત કરવાની કોઈ સર્વ સામાન્ય પદ્ધતિ છે જે દરેક રાષ્ટ્રના બાળકને શિખવી શકાય, સમજાવી શકાય ? શું તેવા કોઈ પ્રયોગો કોઈ રાષ્ટ્રમાં થયા છે ? જો થયા હોય તો તેનો આધાર લઈ શું આજના સમયાનુસાર આધુનિક કોઈ પદ્ધતિ વિકસાવી શકાય ? આ પ્રશ્નોનો જવાબ હવે આપણે જાણવાનાં છે.

પહેલો પ્રશ્ન એ કે પ્રજ્ઞાને જાગૃત કરવાની સમાજમાં જાહેર એવી પદ્ધતિ કોઈ રાષ્ટ્રે વિકસાવી હતી ? તેનો જવાબ છે હા. ભારતના વૈદિક ઋષિઓએ આશ્રમ-પદ્ધતિની શૈક્ષણિક-પ્રણાલિમાં આવી પદ્ધતિ વિકસાવી હતી. તે પદ્ધતિ સમજવા માટે તેની પાછળ પાયામાં રહેલ અધ્યાત્મ-શાસ્ત્રનો સિદ્ધાંત સમજી લેવો જરૂરી છે.

અધ્યાત્મ-શાસ્ત્ર માને છે કે વિશ્વાતીત અને વિશ્વસમય એક અસીમ ચેતના છે. તે સર્વવ્યાપી હોવાથી તેને બ્રહ્મ કહે છે. બ્રહ્મ એટલે સર્વત્ર વ્યાપ્ત.

તે આત્મતત્વે જ પોતે વધારે ને વધારે ઘનીભૂત થઈને બ્રહ્માંડમાંના વિવિધ તત્વો નિર્માણ કરેલાં છે. ઘનીભૂત અવસ્થાને જ વેદો ભૂત કહે છે. આવા મૂળ એકથી એક વધુ ઘનીભૂત પાંચ તત્વો છે. જેને પંચમહાભૂત તરીકે વર્ણવ્યાં છે.

આ પંચમહાભૂતોના સંયોગથી જડ ભૌતિક તત્વ નિર્માણ થએલ છે. સંયોગિકરણની પ્રક્રિયાને તેઓ પંચિકરણ કહે છે. આવી રીતે આત્મ તત્વે જ પોતાને પ્રગટ કરવા જેમ કરોળિયો પોતાને રહેવા પોતાનું જ જાળું રચે તેમ ભૌતિક તત્વ રચ્યું છે. જેમાં આત્મતત્વ અવ્યક્ત અવસ્થામાં રહેલ છે. આ અવ્યક્ત આત્મતત્વની જ વ્યક્ત થવાની ક્ષમતાને પ્રજ્ઞા-શક્તિ, માયા-શક્તિ તરીકે જણાવવામાં આવે છે.

આ પંચમહાભૂતોમાંથી ઉત્ક્રાંતિ દ્વારા શારીરિક તત્વ બનેલું છે. તેમાં સાત તત્વો છે જેમને સપ્ત ધાતુ કહેવામાં આવે છે. ધાતુ એટલે પ્રજ્ઞા-શક્તિને ધારણ કરી તેને પ્રગટ થવામાં મદદ કરનાર, ધારણ કરનાર તત્વ (ધારયતે ઈતિ ધાતુ). આમાં અસ્થિ, રક્ત, મેદ, માંસ, મજ્જા, ત્વચા, શુક્ર આ સાત ધાતુનો સમાવેશ થાય છે. આમાં સહુથી ઉત્ક્રાંત ધાતુ છે વીર્ય જે શારીરિક - તત્વને નિર્માણ કરી શકે છે.

આ શુક્ર ધાતુ એ કાંઈ તેની અંતિમ વિકસીત અવસ્થા નથી પણ તેમાંથી ઉત્ક્રાંત

થઈ ઓજસ તત્વ બનતું હોય છે. ઓજસ્ વિદ્યુતશક્તિ અને પ્રકાશ-શક્તિને ધારણ કરવાની ક્ષમતા ધરાવતું શારીરિક તત્વ છે. ગીતા ૧૫માં અધ્યાયમાં જણાવે છે કે આ ઓજસ તત્વથી જ વનસ્પતિ તથા પશુ, પક્ષી માનવોમાં શારીરિક, માનસિક, ચૈતસિક વિકાસ શક્ય બને છે. આનો અર્થ એ કે ઓજસ દ્વારા જ પ્રજ્ઞા-શક્તિને જાગૃત કરી શકાશે. આ ઓજસ શક્તિ જ માનવી જીવનની બધી શારીરિક, માનસિક ક્રિયાઓમાં વેડફાતી હોય છે. વિકારાવસ્થામાં સહુથી વધુ વેડફાય છે. શાંત, નિરવ ચિત્ત દરમિયાન સહુથી વધારે વેડફાય છે. તેથી વિકારમુક્ત શાંત, સ્વસ્થ, પ્રસન્ન રીતે જીવવાની જીવન-શૈલી આ પ્રજ્ઞાના વિકાસ માટે જરૂરી છે. પ્રજ્ઞાને આજે આપણે જીવન ઉર્જા કહીએ છીએ.

તે માટે મન અને ચિત્તનો સંયમ જરૂરી સાધન છે. તેમ કરવાથી આ વીર્યનું રૂપાંતર આંતર-પ્રકાશમાં થવા લાગે છે. જેને ઓજસ કહે છે. આ આંતરપ્રકાશને વધુને વધુ પ્રખર કરતા જવું તેને જ 'તપ' તપશ્ચર્યા કહે છે. તપ એટલે પ્રખર થવું, તપવું.

શરીર સાથેની એકરૂપતા (દેહભાવ)ના આધારે જ વિકારો જન્મે છે. હું શરીરથી મર્યાદિત અને શરીરના આધારે જીવતી ચેતના છું એવી માન્યતા એ જ દેહભાવ છે. આ દેહભાવ નષ્ટ થાય તો બધા વિકારો શમી જાય. શરીર એટલે ફક્ત ભૌતિક શરીર નહિ, પણ તેમાં આપણું માનસિક સ્વરૂપ પણ આવી જ જાય છે. મન, પ્રાણ અને શરીર ત્રણેમાંથી કોઈ પણ એક કે અનેકમાં સાથે વિકારો જન્મતા હોય છે.

હું અસીમ ચેતના છું. શરીરથી હું મર્યાદિત નથી. આવો આત્મભાવ દેહભાવનો નાશ કરે છે. આવા બ્રહ્મભાવમાં સતત રહેવું, તે મુજબ જ અનુભવવું, તે મુજબ જ વર્તવું આને જ બ્રહ્મચર્ય કહે છે. તેથી વૈદિક-ઋષિઓએ શિક્ષણકાળમાં બ્રહ્મચર્યનો ખૂબજ આગ્રહ રાખેલો છે તે સમયમાં જ સમગ્ર જીવનમાં કરવાની પ્રજ્ઞા-જાગરણની સાધનાનો મજબુત પાયો નખાય છે.

બ્રહ્મચર્ય એટલે ફક્ત શારીરિક રીતે સ્ત્રી-સંગ ન કરવો, લગ્ન ન કરવું એવો અહિં સંકુચિત અર્થ નથી. બ્રહ્મભાવમાં સતત રહેવું એ જ બ્રહ્મચર્ય છે. શ્રીકૃષ્ણ પોતાને આઠ પટ્ટરાણીઓ હોવા છતાં અને તેમને પુત્ર હોવા છતાં પોતાને બ્રહ્મચારી કહેવરાવતા તેની પાછળનું આ રહસ્ય છે.

બ્રહ્મચર્યથી માનવની કલ્પના-શક્તિ, સંયમશક્તિ, સંકલ્પ-શક્તિ, એકાગ્રતા. સ્મૃતિશક્તિ, તર્કશક્તિ વગેરે બધી ક્ષમતાઓ વિકસવા માંડે છે. જે પ્રજ્ઞા-શક્તિના જાગરણ માટેનો માર્ગ કરી આપે છે. આમ પ્રજ્ઞા જાગરણ માટે શારીરિક, માનસિક, આધ્યાત્મિક પાયો નાખવાનું કામ બ્રહ્મચર્યવ્રત કરે છે.



**શ્રી અરવિંદ**

શ્રી અરવિંદને જોઈને, બોલે વેણ જગમાત,
પ્રભુ કાર્ય સંપન્ન થશે, વહેલુંમોડું પણ ખાસ.



**પ્રતિકનો ભાવ**

ઉર્ધ્વ ચેતના અવતરણ કરે, ને નિમ્ન ચેતના ચડે,
જીવન સલિલે ચેતના-કમળ, વિધ વિધ વર્ણે ખિલે.


# સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા.૧૦૦.૦૦ વિદેશમા : ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH